RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 28-05-2026 I VOL : 12 I Issue : 72 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

મૌન સૌથી સારો જવાબ છે એ લોકો માટે છે તમારા શબ્દોને મહત્વ નથી આપતા

3



સત્તાના નશામાં કાયદો ઘોળીને પી જતો નડિયાદનો રીઢો તોડબાજ 'સુભાષ'

4

ભારતીયો દર વર્ષે માત્ર ટ્રાફિકમાં 3.50 લાખ કરોડના પેટ્રોલ-ડીઝલનો ધુમાડો કરે છે!


6

વિપુલ શાહ સાથે અક્ષય હોલિવૂડ સ્ટારની એલિયન ફિલ્મ સમુક કરશે

7

કોહલીએ IPLમાં રચ્યો નવો ઈતિહાસ, ધોની બાદ રોહિત શર્માનો તોડ્યો રેકોર્ડ

## એક નજર...

### સ્ટાઈલિશ બોડીકોન લુકમાં સોફી ચૌધરીનો ગ્લેમરસ અંદાજ વાયરલ



બોલીવૂડ એક્ટ્રેસ અને સિંગર સોફી ચૌધરી દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. સોફીએ હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટાઈલિશ બોડીકોન લૂકની તસવીરો શેર કરી છે. સ્ટાઈલિશ લૂકમાં સોફી ચૌધરી ખૂબ જ સુંદર લાગી રહી છે. ફેન્સ તેના કાતિલ લૂકના વખાણ કરી રહ્યા છે. અભિનેત્રીએ કેમેરાની સામે અલગ-અલગ અંદાજમાં કાતિલ પોઝ આપ્યા છે.

# SIR પ્રક્રિયા હાથ ધરવી ચૂંટણી પંચને અધિકાર

## સુપ્રીમ કોર્ટે તમામ અરજી ફગાવીને આપ્યો ચુકાદો

નવી દિલ્હી

મતદાર યાદીના વિશેષ અને ગહન પુન:નિરીક્ષણ કાર્યને લઈને સુપ્રીમ કોર્ટે આજે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે, ભારત સરકારના ચૂંટણી પંચ (ECI) પાસે SIR પ્રક્રિયા હાથ ધરવાનો સંપૂર્ણ કાનૂની અધિકાર છે. મતદાર યાદીનું 'વિશેષ ગહન પુન:નિરીક્ષણ' બંધારણીય અને માન્ય છે. ચૂંટણી પંચ પાસે મતદાર યાદી નિષ્પક્ષ અને શુદ્ધ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. કોર્ટે આ પ્રક્રિયાને પડકારતી




અરજીઓ પર સુનાવણી કરતાં ચૂંટણી પંચના પક્ષમાં ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે બુધવારે આ ચુકાદો સંભળાવ્યો હતો. આ બાબતે કોર્ટે કેટલીક મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે, જે આ પ્રમાણે છે. સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે, ચૂંટણી પંચ એક સ્વાયત્ત બંધારણીય સંસ્થા છે.

દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ કરાવવા માટે એક સચોટ મતદાર યાદી તૈયાર કરવી તેની પ્રાથમિક જવાબદારી છે. કોર્ટે સ્વીકાર્યું કે કોઈ વિશેષ સંજોગોનું નિર્માણ થાય ત્યારે સામાન્ય પ્રક્રિયાથી હટીને કોઈ અલગ કે વિશેષ પ્રક્રિયા અપનાવવી તે બંધારણ અથવા પ્રચલિત કાયદાની વિરુદ્ધ નથી. આથી ચૂંટણી પંચ પાસે 'SIR' લાગુ કરવાની અને આ વિશેષ અભિયાન ચલાવવાની પૂરી સત્તા છે. સામાન્ય પ્રક્રિયાથી અલગ હોવાથી પ્રક્રિયા ગેરકાયદે ના ગણાય બિહારમાં ચૂંટણી પંચ દ્વારા જ્યારે આ વિશેષ ઝુંબેશ શરૂ કરાઈ, ત્યારે તેને પડકારવામાં આવી હતી. અરજદારોનો દાવો હતો કે આ પ્રક્રિયા સામાન્ય સુધારા અથવા સંશોધનની પદ્ધતિ કરતાં તદ્દન અલગ છે અને તેનાથી મતદારોના અધિકારો જોખમાઈ શકે છે. આ દલીલનો જવાબ આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, માત્ર એટલા જ કારણસર કોઈ પ્રક્રિયાને 'અલ્ટ્રા વાયર્સ' (ગેરકાનૂની કે સત્તા બહારની) ગણાવીને રદ ન કરી શકાય કે તે મતદાર યાદીના સુધારાની સામાન્ય પ્રક્રિયા કરતાં થોડી જુદી છે. કોર્ટે સ્પષ્ટતા કરી કે, ચૂંટણી પંચ દ્વારા ઓળખની ખરાઈ માટે નક્કી કરાયેલા 11 દસ્તાવેજોના જૂથ પર વિચારણા કર્યા બાદ અને કોર્ટના આદેશો દ્વારા તેમાં 'આધાર કાર્ડ' નો પણ સમાવેશ કરી દેવાયા પછી, પંચ દ્વારા માંગવામાં આવેલા દસ્તાવેજો મનસ્વી કે ભેદભાવપૂર્ણ છે તેવી દલીલને બિલકુલ સ્વીકારી શકાય નહીં. આ પ્રક્રિયા કાયદેસર છે.

# કેરળના પૂર્વ મુખ્યમંત્રી વિજયનના સમર્થકોનો ED ટીમ પર હુમલો

કોચીન

કેરળના પૂર્વ મુખ્યમંત્રી પિનરાઈ વિજયનના સમર્થકોએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની ટીમ પર હુમલો કર્યો. EDની 12 સભ્યોની ટીમ સવારે 7 વાગ્યે તિરુવનંતપુરમના બેકરી જંકશન સ્થિત વિજયનના ઘર સહિત 10 સ્થળોએ મની લોન્ડરિંગ કેસમાં દરોડા પાડવા પહોંચી હતી. તે સમયે વિજયન અને તેમનો પરિવાર ઘરમાં હાજર હતો. જેવી આ ખબર ફેલાઈ, પાર્ટીના સમર્થકો ઘરની બહાર એકઠા થવા લાગ્યા. બપોરે 1:30 વાગ્યે ટીમ બહાર નીકળી ત્યારે સમર્થકોએ તેમને ઘેરી લીધા. ભીડે તેમની ગાડીઓ પર પથ્થરો અને બોટલો ફેંકી. કારના કાચ તોડી નાખવામાં આવ્યા અને લાકડીઓ વડે પણ હુમલો કરવામાં આવ્યો. ED એ આ દરોડા વિજયનની પુત્રી ટી વીણાની કંપની સાથે સંકળાયેલા મની લોન્ડરિંગના કેસમાં પાડ્યા છે. વીણાની 'એક્સાલોજિક સોલ્યુશન્સ'ને કોચિન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ (CMRL) એ વર્ષ 2018-19માં 1.72 કરોડ માસિક ચુકવણી તરીકે આપ્યા, પરંતુ તેના બદલામાં એક્સાલોજિક સોલ્યુશન્સે કોઈ સેવા આપી ન હતી. EDનું માનવું છે કે આ લેણદેણ શંકાસ્પદ છે. CMRL અને એક્સાલોજિક વચ્ચે થયેલી આ ચુકવણી અંગે પહેલા ઈન્કમ ટેક્સ વિભાગે પણ સવાલો ઉઠાવ્યા હતા. બાદમાં આ જ આધારે ED એ મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી છે. એક દિવસ પહેલા જ મંગળવારે આ જ મામલે કેરળ હાઈકોર્ટે CMRLની અરજી ફગાવી દીધી, જેમાં CMRL એ EDની તપાસ રદ કરવાની માગ કરી હતી. ED એ 2024માં આરોપોની તપાસ માટે PMLA કેસ દાખલ કર્યો હતો. આ મુદ્દો વિજયન સરકાર સામે સૌથી રાજકીય રીતે સંવેદનશીલ વિવાદોમાંથી એક રહ્યો છે. ED તપાસ ઉપરાંત, આ મામલાની તપાસ સીરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઓફિસ (SFIO) પણ કરી રહ્યું છે.

# ભારતમાં ઈબોલા વાઈરસની એન્ટ્રીથી ફફડાટ ફેલાયો

## યુગાન્ડાથી આવેલી મહિલામાં શંકાસ્પદ લક્ષણો દેખાતા ક્વૉરન્ટાઇન, કોરોના કરતાં પણ વધુ ભયાનક: મૃત્યુદર 90% સુધી

નવી દિલ્હી

વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને આફ્રિકન દેશોમાં ભારે ઉત્પાત મચાવ્યા બાદ હવે ખતરનાક ઈબોલા વાઈરસે ભારતમાં દસ્તક દીધી છે. અહેવાલો અનુસાર, આફ્રિકન દેશ યુગાન્ડાથી ભારત આવેલી એક મહિલામાં ઈબોલા વાઈરસના અત્યંત ગંભીર લક્ષણો જોવા મળ્યા છે. સંક્રમણની આશંકાને પગલે તબીબી તંત્ર દ્વારા મહિલાને



બેંગલુરુની ખાસ મેડિકલ ફેસિલિટીમાં ક્વોરન્ટાઈન કરી દેવામાં આવી છે અને તેના સેમ્પલ તપાસ અર્થે મોકલાયા છે. કોરોના કરતાં પણ વધુ ભયાનક: મૃત્યુદર 90% સુધી ઈબોલા વાઈરસને તબીબી જગતમાં કોરોના (COVID-19) કરતાં પણ વધુ ઘાતક અને જીવલેણ ગણવામાં આવે છે. ઈબોલાથી સંક્રમિત દર્દીઓમાં મૃત્યુદર (Mortality Rate) 50% થી લઈને 90% સુધી પહોંચી શકે છે. આ એક અત્યંત ચેપી વાયરલ બીમારી છે, જેના કારણે શરીરમાં આંતરિક તેમજ બાહ્ય રક્તસ્રાવ (Bleeding), હેમોરેજિક તાવ અને માનવ શરીરના મહત્ત્વના અંગો (Organs) ફેલ થઈ જાય છે.

આ વાઈરસ કોઈ પણ સંક્રમિત વ્યક્તિના શરીરના પ્રવાહી પદાર્થો જેવા કે લોહી, લાળ, પરસેવો અથવા યુરિનના સીધા સંપર્કમાં આવવાથી ખૂબ જ ઝડપથી ફેલાય છે. ચિંતાની વાત એ છે કે આ વાઈરસ સામે લડવા માટે હજુ સુધી કોઈ ચોક્કસ સચોટ રસી (Vaccine) કે દવા ઉપલબ્ધ નથી, જે તેને વધુ જીવલેણ બનાવે છે. આ પૂર્વે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાન જેવા દેશોમાં ઈબોલાના કારણે 200 થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે અને 1,000 થી વધુ કેસ નોંધાયા છે. ભારત સરકાર એક્શન મોડમાં, DGCA ની ગાઈડલાઈન ઈબોલાના સંભવિત ખતરાને જોતા ભારત સરકાર અને આરોગ્ય મંત્રાલય સંપૂર્ણપણે એલર્ટ થઈ ગયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ ગત સોમવારે જ આ સંદર્ભે એક સત્તાવાર ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને દેશની સજ્જતાની સમીક્ષા કરી હતી. નાગરિકોને આફ્રિકન દેશોની બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે. આ સાથે જ ડીજીસીએ (DGCA) દ્વારા પણ એરપોર્ટ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે કડક સ્ક્રિનિંગ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.

## NEWS TRACK

### ઈરાનની આસપાસના વિસ્તારોમાંથી અમેરિકા સૈન્ય પાછું ખેંચે, તો ઈરાન હોર્મુઝનો જળમાર્ગ ખોલવા તૈયાર

ઈરાને દાવો કર્યો છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા અમેરિકા સાથેના સમજૂતી કરાર(MoU)નો મુસદ્દો તૈયાર કરી દેવાયો છે. ઈરાનના સરકારી ટેલિવિઝનના અહેવાલ અનુસાર, જો અમેરિકન સૈન્ય ઈરાનની આસપાસના વિસ્તારોમાંથી પાછું ખેંચાય, તો આ વિસ્તારમાં વ્યાપારી જહાજોની અવરજવર ફરી સામાન્ય થઈ શકે છે. રોઈટર્સના અહેવાલ પ્રમાણે, આ કરાર હેઠળ જો અમેરિકા ઈરાનની સરહદોની નજીકથી પોતાના સૈન્ય દળોને હટાવી લે અને નૌકાદળની નાકાબંધી હટાવી દે, તો આગામી એક મહિનાની અંદર હોર્મુઝનો જળમાર્ગનો શિપિંગ ટ્રાફિક યુદ્ધ પહેલાના સ્તરે પહોંચી શકે છે. જો કે, હાલ સૈન્ય જહાજોને આ મુક્તિમાંથી બાકાત રખાયા છે. આ યોજનામાં વેપારી જહાજોના સંચાલનની જવાબદારી ઓમાનના સહયોગથી ઈરાન જ સંભાળશે તેવી વ્યાપક રૂપરેખા તૈયાર કરાઈ છે. જો કે, અહેવાલમાં સ્પષ્ટ કરાયું છે કે, અનૌપચારિક માળખાને હજી આખરી ઓપ અપાયો નથી જ્યાં સુધી ઠોસ ખાતરી (ટેન્જિબલ વેરિફિકેશન) ના મળે, ત્યાં સુધી ઈરાન આ દિશામાં કોઈ પગલું ભરશે નહીં.

### ઈરાનની જેલમાં કેદ 10 ભારતીય નાવિકો મુક્ત, 10 મહિના પછી કૂટનીતિક જીત બાદ હવે ઘરવાપસીની તૈયારી

ઈરાનમાં જુલાઈ 2025થી જેલમાં બંધ 10 ભારતીય નાવિકોને લાંબી કાનૂની અને રાજદ્વારી મંત્રણા બાદ આખરે મુક્ત કરવામાં આવ્યા છે. ભારતના શિપિંગ સત્તાવાળાઓએ મંગળવારે મોડી રાત્રે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. 'ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ' (DG Shipping) ના જણાવ્યા મુજબ, આ તમામ નાવિકો 'એમવી હાર્બર ફીનિક્સ' નામના ઓઈલ ટેન્કર જહાજ પર કામ કરતા હતા, જેમને જુલાઈ 2025માં જાસક પોર્ટ નજીકથી ઈરાની સુરક્ષા દળોએ અટકાયતમાં લીધા હતા. શિપિંગ ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે અત્યારે આ તમામ નાવિકો એકદમ સુરક્ષિત છે અને તેમને વહેલી તકે ભારત પરત લાવવા માટેની જરૂરી પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. જહાજ ટ્રેક કરતી વેબસાઈટ્સના રિપોર્ટ મુજબ, આ ઓઈલ ટેન્કર પલાઉ દેશના ધ્વજ સાથે ક્રૂડ ઓઈલ અને અન્ય પેટ્રોલિયમ વસ્તુઓ લઈને જઈ રહ્યું હતું. ભારત અને ઈરાન વચ્ચે વર્ષો જૂના રાજદ્વારી અને ઊર્જા સંબંધો છે, પરંતુ ઈરાનની સેના ખાડી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઈંધણ લઈ જતા જહાજોને અવારનવાર પકડી લેતી હોય છે.

# નાંદોદના વરાછા ગ્રામ પંચાયતમાં મનરેગા કૌભાંડ

## ભરૂચ દૂધધારા ડેરીના ડિરેક્ટર નિકુંજ પટેલની પત્નીનુ નામ પણ વર્ષ 2022 ના મનરેગા મસ્ટરમાં આવ્યું

- સરકારની ગરીબોને રોજગારી આપવાની યોજનાનો ધનાઢ્ય લોકો લાભ લઈ રહ્યા છે ?
- 25 કિમી દૂરના ગામના લોકો વરાછામાં મજૂરી કરવા આવ્યા હતા? ઉપસરપંચે પુરાવા સાથે રજૂઆત કરવા છતાં તંત્ર કેમ આંખ આડા કાન કરે છે?


**મસ્ટરમાં કોના કોના નામો શંકાસ્પદ?**

હજરપુરા ગામના જગદીશચંદ્ર હર્ષદ પટેલ, દીપક કંચન પટેલ, જગદીશ ચંદુ પટેલ, ચીમન નગીન પટેલ, મનોજ નટવર પટેલ, બળદેવ શિવલાલ પટેલ, રોહિત રતિલાલ પટેલ, મુકેશ ભીખુભાઈ પટેલ, મેહુલ કંચન પટેલ, રવિ ભીખુ પટેલ, અરવિંદ નારણ પટેલ, આકાશ સંજય પટેલના નામો મસ્ટરમાં શંકાસ્પદ જણાઈ આવે છે ત્યારે આ લોકોએ મજૂરી કરી છે કે કેમ ? એ તપાસનો વિષય છે.

વહાબ શેખ, નર્મદા

નર્મદા જિલ્લામાં મનરેગા યોજનામાં વ્યાપક ભ્રષ્ટાચારની બુમરાણ વચ્ચે વરાછા ગ્રામ પંચાયતના ઉપસરપંચે પુરાવા સહીત ભ્રષ્ટાચારની તપાસની માંગણી કરી છે પરંતુ વહીવટીતંત્રએ અગાઉની જેમ આ રજુઆતને પણ અભરાઈ પર ચઢાવી દીધી છે.તો બીજી બાજુ આ કૌભાંડમાં ભરૂચ દૂધધારા ડેરીના ડિરેક્ટર અને નર્મદા જિલ્લા ભાજપ કિસાન મોરચા પ્રમુખ નિકુંજ પટેલની પત્નીનુ નામ પણ મસ્ટરમાં આવતા સરકારની ગરીબોને રોજગારી આપવાની યોજનાનો ધનાઢ્ય લોકો લાભ લઈ રહ્યા છે એવી ચર્ચાઓ થઈ રહી છે ત્યારે તંત્ર કેમ આંખ આડાં કાન કરે છે ? એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.નાંદોદ તાલુકાના વરાછા ગ્રામ પંચાયતમાં મનરેગા ભષ્ટાચારની રજૂઆતો થઈ હતી પરંતુ એમાં ભાજપ નેતાઓની સંડોવણીને કારણે તંત્રએ મનરેગા ભ્રષ્ટાચારનો મામલો દબાવી દીધો હોવાનું કહેવાય રહ્યું છે.

તાજેતરમાં નાંદોદ તાલુકાના વરાછા ગામના ઉપસરપંચ મનીષ પટેલ તેમના ગામમાં મનરેગા યોજનામાં ખોટા હાજરી પત્રકો બનાવી લાખો રૂપિયાની ઉચાપત કરી હોવાની ફરિયાદ નર્મદા ડીડીઓ અને નર્મદા કલેકટરને કરી હોવા છતાં તે અંગે તપાસની કોઈ કાર્યવાહી કરી નથી.ત્યારે આ તમામની વચ્ચે વરાછા ગ્રામ પંચાયતમાં વર્ષ 2022 ના મનરેગા મસ્ટરમાં ભરૂચ દૂધધારા ડેરીના ડિરેક્ટર તેમજ નર્મદા જિલ્લા ભાજપ કિસાન મોર્ચા પ્રમુખ નિકુંજ પટેલની પત્ની આશા પટેલ, ભાઈ આશિષ પટેલનું નામ પણ મસ્ટરમાં બહાર આવ્યું છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે આ મસ્ટરમાં ચોંકાવનારી વાત એ છે કે જે શ્રમિકોના નામ છે તે વરાછા ગામનો કે આસપાસના ગામનો નહીં પરંતુ વરાછાથી 25 કિમિ દૂર આવેલ હજરપુરા ગામના શ્રમિકો છે.ત્યારે ભાજપના નેતાના સબંધીઓના નામો સામે આવતા તંત્ર આ મુદે તપાસ કરશે. ? કે પછી રજૂઆત અભરાઈએ ચઢાવશે. ? એ આવનારો સમય જ બતાવશે.




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# કેતન ઈનામદારનો સણસણતો લેટર બોમ્બ : રૂ.24 કરોડના નદી બ્રિજમાં ભ્રષ્ટાચાર મામલે સીધા ભૂપેન્દ્ર પટેલને ફરિયાદ!

### વડોદરાના સાવલીના ધારાસભ્યની ગર્જના બાદ સરકારી તંત્ર ધ્રુજ્યું: પત્ર સો. મીડિયામાં વાયરલ થતાં જ યુદ્ધના ધોરણે સમારકામ શરૂ



**વડોદરા**

ભ્રષ્ટાચાર સામે હંમેશા લાલ આંખ કરનારા વડોદરાના સાવલી બેઠકના દબંગ ધારાસભ્ય કેતન ઈનામદારે ફરી એકવાર સત્તાધારી પક્ષ અને સરકારી તંત્ર સામે ખુલ્લી બાંય ચડાવી છે. આ વખતે તેમણે કરોડો રૂપિયાના સરકારી પ્રોજેક્ટમાં થયેલા લોલંલોલ અને લોટપાણીને ખુલ્લા પાડવા સીધો મુખ્યમંત્રી (CM) ભૂપેન્દ્ર પટેલને એક ઘાતક પત્ર લખ્યો છે. સાવલી વિસ્તારમાંથી પસાર થતી મેસરી નદી પર અંદાજે ૨૪ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે બનેલા બ્રિજના નિર્માણમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાની લેખિત ફરિયાદ તેમણે મુખ્યમંત્રીને કરી છે. આ પત્ર સામે આવતા જ ગાંધીનગરથી લઈને વડોદરા સુધીના વહીવટી ગલિયારાઓમાં મોટો ભૂકંપ આવી ગયો છે.

ધારાસભ્ય કેતન ઈનામદારે પોતાના પત્રમાં તીખા પ્રહારો કરતા જણાવ્યું છે કે, જનતાની પરસેવાની કમાણીના કરોડો રૂપિયા આ બ્રિજ પાછળ ખર્ચી નાખવામાં આવ્યા, પરંતુ કોન્ટ્રાક્ટર અને મિલીભગત અધિકારીઓએ ભેગા મળીને હલકી કક્ષાનું મટીરિયલ વાપર્યું છે. બ્રિજનું નિર્માણ પૂરું થયાને હજી બહુ સમય નથી થયો ત્યાં જ તેમાં ગાબડાં અને તિરાડો દેખાવા લાગી છે, જે ગમે ત્યારે મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી શકે છે.

ધારાસભ્યનો આ ધારદાર પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ અને મીડિયામાં હેડલાઈન્સ બનતા જ ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોના હોશ ઉડી ગયા હતા. સીએમ ઓફિસ સક્રિય થાય તે પહેલા જ ડરેલા તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી બ્રિજ પર મજૂરો અને મશીનરી ઉતારી દેવામાં આવી છે.

તાબડતોડ સમારકામ શરૂ: જે બ્રિજની ખામીઓ તરફ અધિકારીઓ અત્યાર સુધી આંખ આડા કાન કરતા હતા, ત્યાં કેતન ઈનામદારના એક જ પત્રના પાવરથી રાતોરાત યુદ્ધના ધોરણે રિપેરિંગ અને સમારકામનું કામ શરૂ કરી દેવું પડ્યું છે.

જવાબદારો સામે કડક પગલાંની માંગ: સ્થાનિક સ્તરે ચર્ચા છે કે ધારાસભ્ય માત્ર સમારકામથી શાંત બેસવાના નથી. તેમણે આ સમગ્ર કૌભાંડની ઉચ્ચ સ્તરીય તપાસ કરાવીને ગુણવત્તા સાથે બાંધછોડ કરનારા એન્જિનિયરો અને બ્લેકલિમેડ કોન્ટ્રાક્ટર સામે કડકમાં કડક શિક્ષાત્મક પગલાં ભરવાની માંગ પર મક્કમતા દાખવી છે.

## અંકલેશ્વરના સેંગપુર ગામના ખાડી ફળીયામાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરની ધરપકડ

**અંકલેશ્વર**

અંકલેશ્વર ના સેંગપુર ગામે થી રૂરલ પોલીસે વિદેશીદારૂ ના જથ્થા સાથે બુટલેગર ની ધરપકડ કરી 10 હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અંકલેશ્વર રૂરલ પોલીસ ને સેંગપુર ગામના ખાડી ફળીયામાં રહેતો કિરણ ભરત વસાવા પોતાના ઘરે પેટી પલંગમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખેલ હોવાની માહિતી મળી હતી જે મળેલી માહિતી ના .આધારે રૂરલ પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 60 નંગ બોટલ મળી કુલ 10 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને બુટલેગર કિરણ વસાવા ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે

## રણોલીમાં બંધ મકાનમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, રીઢો આરોપી મુદ્દામાલ સાથે ઝડપાયો

**વડોદરા, શાહરૂખ પઠાણ**

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવીને રણોલી વિસ્તારમાં આવેલા એક બંધ મકાનમાં થયેલી ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા એક રીઢા ગુનેગારને રૂ. ૨ લાખથી વધુની કિંમતના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે.

ઘટનાની વિગત એવી છે કે, ગત તા. ૧૦ થી ૧૨ મે દરમિયાન રણોલીની ગાયત્રી ટાઉનશીપમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રૂ. ૪૦ હજારની રોકડ અને સોના-ચાંદીના દાગીના ચોરી ફરાર થઈ ગયા હતા. આ અંગે જવાહરનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમ આ વણઉકેલાયેલા ગુનાની તપાસમાં હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે અગાઉ પણ ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલો દિલદારસિંગ બાવરી અને તેની ગેંગ આમાં સામેલ છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે વારશિયા વિસ્તારમાંથી દિલદારસિંગ તુફાનસિંગ બાવરીને દબોચી લીધો હતો. પોલીસની કડક પૂછપરછમાં આરોપીએ પોતાનો ગુનો કબૂલ કર્યો છે. પોલીસે તેની પાસેથી ચોરીની સોનાની લગડી, પેન્ડલ લોકેટ અને ચાંદીના દાગીનાના અવશેષો સહિત કુલ રૂ. બે લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ પોલીસ આ મામલે તેના અન્ય સાગરીતોની શોધખોળ અને વધુ તપાસ ચલાવી રહી છે.

## મૉંગરોળ-મછાસરા માર્ગ પર ટ્રેક્ટર ખાડામાં પલટાયું: બે લોકો ગંભીર રીતે ઘાયલ, 108ની મદદથી હોસ્પિટલ ખસેડાયા

**ભરૂચ, રંગુની જાકીર**

આમોદ તાલુકાના માંગરોળ અને મછાસરા ગામને જોડતા માર્ગ પર આજે ગંભીર અકસ્માત સર્જાતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ ઉભો થયો હતો. મળતી માહિતી મુજબ, માંગરોળ-મછાસરા માર્ગ પર પસાર થઈ રહેલું એક ટ્રેક્ટર માંગરોળ અને મછાસરાની વચ્ચે આવેલા મુખ્ય માર્ગ પર અચાનક કાબૂ ગુમાવતા રોડની બાજુના ખાડામાં પલટી મારી ગયું.ટ્રેક્ટર પલટાતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.આ અકસ્માતમાં દેણવા ગામના જગદીશ વસાવા અને રાધાબેન પરમાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ સેવાને જાણ કરતા ઈમરજન્સી મેડિકલ ટીમ થોડી જ મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

108ની ટીમે બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે આમોદ સરકારી રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. હોસ્પિટલના તબીબોના જણાવ્યા અનુસાર બંનેને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી છે, જોકે હાલ તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.હાલ અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## એમ. એસ. યુનિવર્સિટી પાછળથી લાખોનો વિદેશી દારૂ ઝડપાયો, સયાજીગંજ પોલીસની મોટી કાર્યવાહી

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરામાં દારૂબંધીના કાયદાની કડક અમલવારી કરાવવા માટે એક્શનમાં આવેલી સયાજીગંજ પોલીસને એક મોટી સફળતા સાંપડી છે. વડોદરાની શાન ગણાતી 'ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી' (MSU) ના પાછળના ભાગે આવેલી પોસ્ટ ઓફિસ પાસેથી પોલીસે બિનવારસી હાલતમાં પડેલી એક શંકાસ્પદ કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. મળતી વિગતો મુજબ, સયાજીગંજ પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ અને ખાનગી રાહે બાતમી મળી હતી કે યુનિવર્સિટીના પાછળના ભાગમાં દારૂનો મોટો જથ્થો સગેવગે કરવાની પેરવી થઈ રહી છે. બાતમીના આધારે પોલીસે તુરંત જ ઉક્ત વિસ્તારમાં વોચ ગોઠવી દીધી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન ત્યાં લાંબા સમયથી શંકાસ્પદ અને બિનવારસી હાલતમાં પડી રહેલી એક ફોર-વ્હીલર કાર પોલીસના ધ્યાને આવી હતી. પોલીસ ટીમે જ્યારે આ બિનવારસી કારની કાયદેસરની તલાશી લીધી, ત્યારે કારની અંદરથી ગુપ્ત રીતે સંતાડી રાખેલો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની નાની-મોટી બોટલો ભરેલી કુલ ૩૪ પેટી (બોક્સ) મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસ કાર્યવાહી: સયાજીગંજ પોલીસે લાખો રૂપિયાની કિંમતનો દારૂનો આ વિશાળ જથ્થો અને ગુનામાં વપરાયેલી ફોર-વ્હીલર કાર સહિતનો તમામ મુદ્દામાલ કાયદેસરની કાર્યવાહી હેઠળ જપ્ત કર્યો છે.

## ગોધરામાં મારામારી અને રાયોટિંગના બે ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

**ગોધરા**

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારી તથા રાયોટિંગના બે ગુનામાં ફરાર આરોપીને પંચમહાલ પેરોલ-ફર્લો સ્કવૉર્ડે ઝડપી પાડ્યો હતો. નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી તથા પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત ના માર્ગદર્શન હેઠળ ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અભિયાન હાથ ધરાયું હતું. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ. વાઘેલાની સૂચના મુજબ પેરોલ-ફર્લો સ્કવૉર્ડે ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ગોધરા બી ડિવિઝન પોલીસ સ્ટેશનના એ-પાર્ટ નં. 0556/2025 હેઠળ નોંધાયેલા ગુનામાં ફરાર આરોપી સલીમ ઉર્ફે ચટ્ટુ અહેમદ મીઠા, રહે. ઈદગાહ મહોલ્લા, ગોધરા હાલ ખંખારીયા પ્લોટ વિસ્તારમાં હોવાની બાતમી મળતા પોલીસે દરોડો પાડી તેને ઝડપી પાડ્યો હતો.

#### પોલીસને આવેદનપત્ર પાઠવાયું

## મોરવાડામાં ગેરકાયદેસર દારૂ અને નશીલા પદાર્થોના વેચાણ સામે યુવાઓનો આક્રોશ

**સુઈગામ**

સુઈગામ તાલુકાના મોરવાડા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર દેશી દારૂ અને નશીલા પદાર્થોના ધુમ વેચાણ સામે ગામના યુવાઓ અને ગ્રામજનોએ એકજૂટ થઈ સુઈગામ પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ.ને આવેદનપત્ર પાઠવી કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે ગામની સેરીએ-ગલીએ ખુલ્લેઆમ દારૂ અને નશીલા પદાર્થોનું વેચાણ થઈ રહ્યું છે, જેના કારણે ખાસ કરીને વિદ્યાર્થીઓને ભણવા જવા અને અભ્યાસ કરવા માટે ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. ગામનું વાતાવરણ બગડી રહ્યું હોવાનું પણ ગ્રામજનોએ જણાવ્યું હતું. આવેદનમાં વધુમાં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો હતો દારુ નું વેચાણ ના કારણે સમગ્ર ગામમાં ચિંતા અને રોષનો માહોલ ફેલાયો છે. યુવાઓએ જણાવ્યું હતું કે નશાની લતના કારણે અનેક યુવાનોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે અને પરિવારજનો પણ માનસિક તથા આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. રાત્રિના સમયે દારૂના નશામાં અસામાજિક તત્વો દ્વારા ગેરવર્તણૂક અને ઝઘડાના બનાવોમાં પણ વધારો થઈ રહ્યો હોવાનું રજૂઆતમાં જણાવાયું હતું. ગ્રામજનોએ પોલીસ તંત્રને ગામમાં ચાલી રહેલા ગેરકાયદેસર દારૂના વેપાર અને નશીલા પદાર્થોના વેચાણ પર તાત્કાલિક રોક લગાવી જવાબદાર લોકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

#### શું છે ભાજપનું નવું રાજકીય ગણિત?

## ગોંડલની બેઠક પર અનાર પટેલનું નામ?!

**રાજકોટ, બ્યુરો રિપોર્ટ | પાક્કો ગુજરાત**

ગુજરાતના રાજકારણમાં ક્યારે કયો નવો વળાંક આવી જાય તે કહેવું મુશ્કેલ છે. સૌરાષ્ટ્રના રાજકારણનું એપીસેન્ટર ગણાતી રાજકોટની ગોંડલ બેઠક પરથી એક એવા સમાચાર વહેતા થયા છે, જેણે ભાજપના આંતરિક વર્તુળોથી લઈને વિપક્ષ છાવણી સુધી ભારે હલચલ મચાવી દીધી છે. ચર્ચા છે કે, દેશના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના પુત્રી અનાર પટેલ આગામી સમયમાં ગોંડલની હાઈપ્રોફાઈલ બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરી શકે છે! ખોડલધામ સંગઠનના અધ્યક્ષ તરીકે અનાર પટેલની વરણી થયા બાદ હવે તેમના ગોંડલ કનેક્શનને લઈને સૌરાષ્ટ્રના રાજકારણમાં ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે.

ગોંડલ બેઠક એટલે હંમેશા ક્ષત્રિય અને પાટીદાર સમીકરણોનું કેન્દ્રબિંદુ. આ બેઠક પર ભાજપ કયું નવું સમીકરણ ગોઠવવા માંગે છે, તેના મુખ્ય ૩ પાસાં આ મુજબ હોઈ શકે છે:

૧. ખોડલધામ કનેક્શન અને લેઉવા પાટીદાર ફેક્ટર: અનાર પટેલને ખોડલધામ સંગઠનના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ગોંડલ અને આસપાસના વિસ્તારમાં લેઉવા પાટીદાર મતદારોનો દબદબો છે. ખોડલધામના આ હોદ્દાના કારણે અનાર પટેલની પાટીદાર સમાજ પર સીધી પકડ મજબૂત થઈ રહી છે, જેનો રાજકીય લાભ ભાજપ ખાટવા માંગે છે.

૨. જૂથવાદનો કાયમી અંત લાવવાનો પ્રયાસ: ગોંડલમાં લાંબા સમયથી જયરાજસિંહ જાડેજા (ક્ષત્રિય જૂથ) અને અનિરુદ્ધસિંહ જાડેજાના જૂથો વચ્ચે રાજકીય વર્ચસ્વની લડાઈ ચાલતી આવી છે. આ બંને જૂથો વચ્ચેના ગજગ્રાહને શાંત કરવા ભાજપ કોઈ ત્રીજા, મજબૂત અને બિનવિવાદાસ્પદ ચહેરાને મેદાનમાં ઉતારવાનું ગણિત ગોઠવી રહ્યું હોવાની ચર્ચા છે. અનાર પટેલ જેવો મોટો ચહેરો આ વિવાદ પર પૂર્ણવિરામ મૂકી શકે છે.

૩. અનામત આંદોલન પછી ડેમેજ કંટ્રોલ: આનંદીબેન પટેલના સમયથી પાટીદાર સમાજ સાથેના સંબંધો અને વર્તમાન હાઈકમાન્ડની વ્યૂહરચના મુજબ, અનાર પટેલને આગળ કરીને ભાજપ સૌરાષ્ટ્રના પાટીદારોને એક મોટો પોઝિટિવ મેસેજ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આનંદીબેન પટેલે મુખ્યમંત્રી પદ છોડ્યા બાદ અનાર પટેલે લાંબો સમય રાજકારણથી દૂરી બનાવી રાખી હતી અને સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહ્યા હતા. પરંતુ તાજેતરમાં પાટીદાર સમાજના કાર્યક્રમોમાં તેમની સક્રિયતા અને ખાસ કરીને મહિલા નેતૃત્વને લઈને આપેલા નિવેદનો સ્પષ્ટ સંકેત આપે છે કે તેઓ હવે સામાજિકથી રાજકીય ક્ષેત્ર તરફ કદમ વધારી રહ્યા છે.

જો ભાજપ અનાર પટેલને ગોંડલથી મેદાનમાં ઉતારવાનું મન બનાવી ચૂક્યું હોય, તો સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે ગોંડલના સ્થાનિક બાહુબલી અને દિગ્ગજ નેતાઓ આ સ્વીકારશે? જયરાજસિંહ જાડેજાનું જૂથ હાલ ગોંડલ પર મજબૂત પકડ ધરાવે છે, ત્યારે 'પેરાશૂટ' ઉમેદવાર સામે સ્થાનિક સ્તરે નારાજગી વહોરવી ભાજપને પરવડશે કે કેમ, તે જોવું રહ્યું. હાલમાં તો આ માત્ર રાજકીય અટકળો અને ગણિત છે, પરંતુ જો આ ગણિત સાચું પડ્યું, તો સૌરાષ્ટ્ર જ નહીં, પણ સમગ્ર ગુજરાતના રાજકારણમાં એક નવો ઈતિહાસ લખાશે એ નક્કી છે!

#### પાક્કો ગુજરાત ક્રાઈમ ડાયરી

## વડોદરામાં અપહરણની ત્રિપુટીથી ફફડાટ, નર્મદા કેનાલમાંથી યુવાનની લાશ મળી...!

**વડોદરા**

વડોદરા શહેર અને જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી ચિંતાજનક ઘટનાઓ સામે આવી છે. જિલ્લાના જુદા-જુદા વિસ્તારોમાંથી બે સગીરા અને એક ૧૩ વર્ષના માસૂમ કિશોરનું અપહરણ થતાં પોલીસ દોડતી થઈ ગઈ છે. બીજી તરફ, સાવલીની નર્મદા કેનાલમાંથી એક અજાણ્યા યુવકની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે.

૧. સાવલી: મુખ્ય નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવકની લાશ મળી સાવલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ખાખરીયા ગામની સીમમાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલના પાણીમાંથી ગત તા.૧૭-૦૫-૨૦૨૬ના રોજ એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. ઓળખ: ઉંમર આશરે ૨૫ થી ૩૦ વર્ષ, રંગ શ્યામ, મજબૂત બાંધો. કપડાં: આછા લીલા કલરનું ટી-શર્ટ અને વાદળી કલરનું જીન્સ પેન્ટ. સંપર્ક: મરણ જનારના વાલીવારસોએ સાવલી પોલીસ સ્ટેશન (નં. ૦૨૬૬૭-૨૨૨૩૩૩) પર સંપર્ક કરવો.

૨. મંજુસર: ૧૩ વર્ષના અજમલનું હોટેલ પરથી અપહરણ

મંજુસર પોલીસ મથકની હદમાં લામડાપુરા રોડ પર આવેલી કૃષ્ણા હોટેલ પર રહેતા ૧૩ વર્ષના માસૂમ કિશોર અજમલ નવાસાદખાન દિલસાદખાનનું ગત તા.૨૨-૦૫-૨૦૨૬ના રોજ કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી નાસી છૂટ્યો છે. વર્ણન: ઉંમર ૧૩ વર્ષ, ઘઉંવર્ણો, કાળું અને સફેદ ચેક્સવાળું શર્ટ અને કાળું પેન્ટ (હિન્દી ભાષા જાણે છે). સંપર્ક: ભાળ મળ્યે મંજુસર પોલીસ (નં. ૦૨૬૬-૭૨૬૪૩૦૪) ને જાણ કરવી.

૩. ભાયલી રેલવે સ્ટેશન પાસેથી સગીરાનું અપહરણ

વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં ભાયલી રેલવે સ્ટેશન પાસે આવેલી ભાથુજી નગરમાં રહેતા અવધેશ મિસ્ત્રીની ૧૬ વર્ષની દીકરી અનુરાધાને તા.૨૨-૦૫-૨૦૨૬ના રોજ કોઈ અજાણ્યો શખ્સ ફોસલાવીને અપહરણ કરી ગયો છે. વર્ણન: ઉંમર આશરે ૧૬ વર્ષ, કાળા કલરનું આખી બાયનું શર્ટ અને કાળા કલરનું જીન્સ પેન્ટ. સંપર્ક: વડોદરા તાલુકા પોલીસ સ્ટેશન (નં. ૦૨૬૫-૨૫૬૨૬૦૦).

૪. જરોદ: ટ્યુશન ક્લાસ જવાનું કહી નીકળેલી સગીરા ગુમ

જરોદના કોટાલી ગોસાઈ ફળિયામાં રહેતા જીતેન્દ્રભારથી ગોસાઈની ૧૭ વર્ષની દીકરી રીયાબેન ગત તા.૧૯-૦૫-૨૦૨૬ના રોજ ટ્યુશન ક્લાસીસ જવાનું કહીને નીકળ્યા બાદ કોઈ અજાણ્યો શખ્સ તેનું અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

વર્ણન: ઉંમર ૧૭ વર્ષ, રાખોડી કલરનું ટી-શર્ટ અને કાળા ટપકાવાળી સફેદ લેંઘી.

#### પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે

## ફોરેક્સ ટ્રેડિંગ ફ્રોડના મોટા રેકેટનો પર્દાફાશ, પુણેથી બે સાયબર ઠગ ઝડપાયા

**સુરત**

શેર માર્કેટમાં ઘરબેઠા લાખો રૂપિયાનો મોટો નફો કમાવવાની લાલચ આપી નિર્દોષ લોકોને સકંજામાં લેતી ગેંગનો સુરત સાયબર ક્રાઈમ સેલે પર્દાફાશ કર્યો છે. સોશિયલ મીડિયા અને WhatsAppના માધ્યમથી ચાલતા આ કરોડોના ફોરેક્સ ટ્રેડિંગ ફ્રોડ મામલે સુરત પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે મહારાષ્ટ્રના પુણેમાંથી બે રીઢા આરોપીઓની ધરપકડ કરી મોટી સફળતા મેળવી છે. સુરતના એક યુવકને અજાણ્યા WhatsApp ગ્રુપમાં એડ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીઓએ તેને વધુ નફાની લાલચ આપી એક બનાવટી (ફેક) ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. આ એપ્લિકેશનમાં ખોટો નફો બતાવીને યુવકનો વિશ્વાસ જીતવામાં આવ્યો અને ત્યારબાદ અલગ-અલગ બેંક એકાઉન્ટમાં કુલ 14.60 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી આખી રકમની છેતરપિંડી આચરવામાં આવી હતી.

આ રીતે ફૂટ્યો સાયબર ફ્રોડનો ભાંડો




ભોગ બનનાર યુવકે સુરત સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જે બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર થયા હતા, તે ઈન્ડસઈન્ડ બેંક (IndusInd Bank) ના એકાઉન્ટની કડીઓ મેળવતા આખું કૌભાંડ સામે આવ્યું હતું. સુરત સાયબર પોલીસે મહારાષ્ટ્રના પુણેમાં દરોડા પાડીને બે મુખ્ય સૂત્રધારોની ધરપકડ કરી છે: સુનીલ કિશન શિંદે, વિક્રમ સુરેશ શેટે. દેશભરમાં 7 ફરિયાદો કનેક્ટેડ: પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે ઝડપાયેલા આરોપીઓના બેંક એકાઉન્ટ સામે દેશભરના અલગ-અલગ રાજ્યોમાં અન્ય 7 જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો પહેલેથી જ નોંધાયેલી છે. આ ગેંગ રાષ્ટ્રીય સ્તરે નેટવર્ક ચલાવતી હોવાની આશંકા છે. આ સફળ ઓપરેશન બાદ સુરત પોલીસે લોકોને સોશિયલ મીડિયા, ટેલિગ્રામ કે WhatsApp પર આવતા અજાણ્યા શેર ટ્રેડિંગ, ફોરેક્સ ટ્રેડિંગ અને 'ઘરબેઠા કમાણી કરો' જેવા લોભામણા મેસેજોથી સાવચેત રહેવા કડક અપીલ કરી છે.

#### રીઢો આરોપી મુદ્દામાલ સાથે ઝડપાયો

## રણોલીમાં બંધ મકાનમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો...

**વડોદરા, શાહરૂખ પઠાણ**

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવીને રણોલી વિસ્તારમાં આવેલા એક બંધ મકાનમાં થયેલી ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા એક રીઢા ગુનેગારને રૂ. ૨ લાખથી વધુની કિંમતના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે.

ઘટનાની વિગત એવી છે કે, ગત તા. ૧૦ થી ૧૨ મે દરમિયાન રણોલીની ગાયત્રી ટાઉનશીપમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રૂ. ૪૦ હજારની રોકડ અને સોના-ચાંદીના દાગીના ચોરી ફરાર થઈ ગયા હતા. આ અંગે જવાહરનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમ આ વણઉકેલાયેલા ગુનાની તપાસમાં હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે અગાઉ પણ ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલો દિલદારસિંગ બાવરી અને તેની ગેંગ આમાં સામેલ છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે વારશિયા વિસ્તારમાંથી દિલદારસિંગ તુફાનસિંગ બાવરીને દબોચી લીધો હતો. પોલીસની કડક પૂછપરછમાં આરોપીએ પોતાનો ગુનો કબૂલ કર્યો છે. પોલીસે તેની પાસેથી ચોરીની સોનાની લગડી, પેન્ડલ લોકેટ અને ચાંદીના દાગીનાના અવશેષો સહિત કુલ રૂ. બે લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

#### અર્જુનસિંહ ચૌહાણે પોતે મેદાનમાં ઉતરી પોલ ખોલી!

## વડોદરામાં નશાના કારોબાર પર પોલીસનો હથોડો: રૂ.62 હજારથી વધુના ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

**વડોદરા, (શાહરૂખ પઠાણ)**

સંસ્કારી નગરી વડોદરાને નશામુક્ત કરવા માટે વડોદરા શહેર પોલીસે કમર કસી છે. શહેરમાં નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેચાણ અને હેરાફેરી કરનારા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી વધુ એક મોટી સફળતા મેળવી છે. પાણીગેટ પોલીસ સ્ટેશન અને ઝોન-૩ એલ.સી.બી. (લોકલ ક્રાઈમ બ્રાન્ચ)ની ટીમે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગાંજાના જથ્થા સાથે બે ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

મળતી વિગતો અનુસાર, પોલીસને એક ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે પાણીગેટ વિસ્તારમાં નશીલા પદાર્થનું નેટવર્ક ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક એક્શન મોડમાં આવીને હાથીયાખાના રોડ ઉપર, શ્રીહરિ હરેશ્વર મહાદેવ મંદિરની સામે આવેલી ગલીમાં સર્વોદય કોમ્પ્લેક્ષ ખાતે ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસની આ અચાનક રેઈડથી નશાના સોદાગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી બે શખ્સો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે જ્યારે તેમની સઘન તપાસ કરી ત્યારે તેમની પાસેથી ગેરકાયદેસર વનસ્પતિજન્ય માદક પદાર્થ 'ગાંજો' મળી આવ્યો હતો. પકડાયેલા આરોપીઓની ઓળખ હાર્દિક ચંદ્રકાંતસિંહ વસાવા અને શંકરભાઈ છગનભાઈ પાટણવાડિયા તરીકે થઈ છે. પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૧ કિલો ૨૫૬ ગ્રામ ગાંજો જપ્ત કર્યો છે, જેની અંદાજિત કિંમત રૂ. ૬૨,૮૦૦ થાય છે. આ ઉપરાંત અન્ય સામગ્રી મળીને પોલીસે કુલ રૂ. ૬૩,૩૦૦નો મુદ્દામાલ કબજે લીધો છે.






## ટાઉન પોલીસ સ્ટેશનની નાક નીચે જ ચાલતો ખેલ

# સત્તાના નશામાં કાયદો ઘોળીને પી જતો નડિયાદનો રીઢો તોડબાજ 'સુભાષ'

નડિયાદ

ચરોતરની ધરતી પરથી વિદેશ જવાના સપના જોતા નિર્દોષ નાગરિકો સાથે રમત રમતું એક આંતરરાષ્ટ્રીય સ્તરનું ડુપ્લીકેટ વિઝા કૌભાંડ સપાટી પર આવ્યું છે. પણ આશ્ચર્યની વાત એ છે કે, ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવાને બદલે, ખાખીની આડમાં છુપાયેલો એક રીઢો વહીવટદાર આ આખા કૌભાંડને ડબલ ગુનાખોરી તરફ દોરી ગયો છે. અત્યાર સુધી દારૂ, જુગાર, સટ્ટા અને કોલ સેન્ટરોના દેશી તોડ કરીને ગજવા ગરમ કરતો નડિયાદ ટાઉન પોલીસનો કુખ્યાત વહીવટદાર સુભાષ હવે આંતરરાષ્ટ્રીય કક્ષાના ફ્રોડમાં પણ આડો ફાટ્યો છે! શાસક પક્ષના સ્થાનિક ધારાસભ્યની સીધી છત્રછાયા અને આશીર્વાદના જોરે કૂદતા આ તોડબાજે કાયદાના લીરેલીરા ઉડાડીને ડુપ્લીકેટ વિઝા કૌભાંડીઓ પાસેથી 'મસમોટી રોકડી' કરી લીધી હોવાની સનસનાટીભરી વિગતો 'પાક્કો ગુજરાત'ના હાથ લાગી છે. સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી માહિતી મુજબ, નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનની બિલકુલ નજીક જ ઓફિસ ધરાવતા એક શાતિર શખ્સે 4 અજાણ્યા નાગરિકોને જાપાનના ડુપ્લીકેટ વિઝા બનાવી આપી લાખો રૂપિયા ખંખેરી લીધા હતા. આ ઈન્ટરનેશનલ લેવલનું રેકેટ જ્યારે સપાટી પર આવ્યું, ત્યારે કોઈ ઈમાનદાર પોલીસ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરત, પણ અહી વચમાં કાળી કમાણીનો ભૂખ્યો સુભાષ કૂદી પડ્યો. તેણે આ દેશદ્રોહ સમાન ગુનાને પણ પોતાની કમાણીનું સાધન બનાવી દીધું! છેલ્લા ત્રણ દાયકાથી જાપાનમાં સ્થાયી થયેલા મુખ્ય સૂત્રધારના વચેટિયાએ એક્શનમાં આવીને તોડબાજ સુભાષનો સંપર્ક કર્યો હતો. કાયદાનો રક્ષક મટીને ભક્ષક બનેલા સુભાષને એવી તો મસમોટી આર્થિક ઓફર આપવામાં આવી કે સુભાષ કાયદો-કાનૂન બધું જ ભૂલીને ભ્રષ્ટાચારની 'બાટલી'માં ઉતરી ગયો. પરિણામે, દેશની સુરક્ષા સામે ખતરો ઊભો કરનારા મુખ્ય આરોપીઓ પોલીસના સકંજામાંથી આસાનીથી છટકી ગયા અને સુભાષ લાખોની કાળી કમાણી ઘરભેગા કરી ગયો.

જ્યારે આ આખું કાળું કરતૂત આકાર લઈ રહ્યું હતું, ત્યારે ટાઉન પોલીસ સ્ટેશનના તત્કાલિન... પોલીસ ઈન્સ્પેક્ટર સંજય બળદેવભાઈ દેસાઈ ફરજ પર હતા. પરંતુ વહીવટદાર સુભાષે એટલી શાતિરતા અને રીઢા ગુનેગાર જેવી માનસિકતાથી આ આખો ખેલ પાડ્યો હતો કે પીઆઈ સંજય દેસાઈ પણ આ ગંભીર તોડબાજીથી તદ્દન અજાણ રહ્યા હતા. એક વહીવટદાર પોતાના ઉચ્ચ અધિકારીને અંધારામાં રાખીને ઈન્ટરનેશનલ લેવલના કૌભાંડિયાઓને ભગાડી દે, એ ખાખી વરદી માટે શરમજનક બાબત છે.

આ કોઈ નાનો-મોટો સ્થાનિક ગુનો નથી. આ દેશની આંતરિક સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય છબીને ખરડતું અતિ ગંભીર ડુપ્લીકેટ વિઝા કૌભાંડ છે. માંગણી: ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) અને CID ક્રાઈમ જેવી ઉચ્ચ એજન્સીઓ આ મામલાને તાત્કાલિક પોતાના હાથમાં લે. એક્શન: ધારાસભ્યના નામે કૂદતા રીઢા તોડબાજ સુભાષને તાત્કાલિક અટકાયતમાં લઈ 'પોલીસ સ્ટાઈલ'માં આગવી પૂછપરછ કરવામાં આવે. મિલકતોની તપાસ: રાજ્યના તકેદારી આયોગ (Vigilance) અને લાંચ રુશ્વત વિરોધી દળ (ACB) એ પણ આ વહીવટદાર પર ત્રાટકવાની જરૂર છે. જો તેની તપાસ થાય તો આંખો ફાટી જાય એટલી નામી-બેનામી અપ્રમાણસર મિલકતોનો અંબાર બહાર નીકળશે એ નક્કી છે. સૂત્રો તો ત્યાં સુધી માહિતી આપી રહ્યા છે કે, ડુપ્લીકેટ વિઝા બનાવનારા આ માફિયાઓ જાહેરમાં એવો દાવો કરે છે કે 'ધારાસભ્ય અને સુભાષ જેવા ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ તો અમારા ખિસ્સામાં ફરે છે!' જો આ મહાઠગ સુભાષની કડકાઈથી તપાસ થશે, તો ચરોતરમાં વર્ષોથી ચાલતા ડુપ્લીકેટ વિઝાના કરોડો રૂપિયાના રેકેટના મૂળ સુધી પહોંચી શકાશે અને નિર્દોષોની જિંદગી બરબાદ કરનારા આ પાપના સામ્રાજ્યના આકાઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ જશે.

**પાપનો ઘડો ફૂટ્યો ને વહીવટદાર 'બાટલી'માં ઉતારાયો!**

# અડાલજમાં મહિલાના ગળામાંથી 2.40 લાખનું મંગળસૂત્ર લૂંટી બાઈકસવાર ફરાર

ગાંધીનગર

ગાંધીનગર નજીક આવેલા અડાલજ વિસ્તારમાં ગઈકાલે સાંજના સમયે ચાલવા નીકળેલા એક મહિલાને નિશાન બનાવી બાઈક સવાર બે અજાણ્યા ચેઈન સ્નેચરો 2.40 લાખ રૂપિયાની કિંમતનું સોનાનું મંગળસૂત્ર આંચકીને ફરાર થઈ જતા અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પાટનગર ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ગુનાખોરીનો ગ્રાફ ઊંચો જઈ રહ્યો છે. તાજેતરમાં રૂપાલના વરદાયિની માતાના મંદિર પરિસરમાં આવેલા ખોડિયાર મંદિરમાં તાળા તોડી 15 લાખની રોકડની ચોરીની ઘટના તાજી છે ત્યાં વાહન ચોરીની વણઝાર વચ્ચે ચેઈન સ્નેચર ગેંગે પણ પાટનગરમાં તરખાટ મચાવ્યો છે.

મૂળ ઈન્દોરના વતની અને હાલ અડાલજની રેવા સ્કાયલિંક સોસાયટીમાં રહેતા 44 વર્ષીય કારપેન્ટર મોહિનીબેન સુભાષભાઈ નંદ કિશોર ગઈકાલે સાંજે સાડા સાતેક વાગ્યે તેમની 24 વર્ષીય દીકરી હર્ષિતા સાથે ચાલવા નીકળ્યા હતા. જ્યારે તેઓ અડાલજમાં આવેલી સ્વર્ણિમ સૃષ્ટિ નજીક રોડ વચ્ચેના ડિવાઈડર પર બેઠા હતા ત્યારે એસજી હાઈવેના સર્વિસ રોડ તરફથી એક કાળા રંગનું પલ્સર જેવું બાઈક લઈને બે લૂંટારૂ તેમની નજીક આવ્યા હતા.

બાદમાં બાઈક પર સવાર બંને શખ્સોએ જાણીજોઈને બાઈક ધીમું કર્યું હતું. અને મહિલાને લાગ્યું કે તેઓ કંઈક પૂછવા માટે ઉભા રહ્યા છે પરંતુ તે દરમિયાન જ બાઈકની પાછળ બેઠેલા શખ્સે મોહિનીબેનના ગળામાંથી આશરે દોઢ તોલાનું સોનાનું મંગળસૂત્ર જોરથી આંચકી લીધું હતું.

મહિલાએ બચાવના પ્રયાસમાં લૂંટારુના શર્ટને પકડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ બાઈક ચાલકે ઝાટકો મારી બાઈક હંકારી મૂક્યું હતું. આ ઘટના દરમિયાન નજીકમાં જ રહેતા આર્યન સોલંકી નામના યુવકે આ લૂંટારુઓનો પીછો કર્યો હતો. પરંતુ આરોપીઓ બાઈક લઈને કેનાલ તરફ પુરઝડપે ભાગી ગયા હતા.

આ બનાવ અંગે મોહિનીબેને તરત જ તેમના પતિને જાણ કરી હતી. બાદમાં અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ચેન સ્નેચર જે બાઈકનો ઉપયોગ કર્યો હતો તેમાં નંબર પ્લેટ પણ નહોતી. ઘટના સમયે બાઈક ચાલકે સફેદ રંગનો અને પાછળ બેઠેલા શખ્સે ક્રીમ રંગનો શર્ટ પહેર્યો હતો અને બંને મધ્યમ બાંધાના હતા.

## વિદેશી કાર્ગો વહાણમાંથી 150 કિલો ડ્રગ્સ સાથે આંતરરાષ્ટ્રીય પેડલરો દબોચાયા

# ગુજરાતના દરિયામાંથી 1500 કરોડનું કોકેઇન ઝડપાયું : બ્રાઝિલથી દિલ્હી મોકલાતું ડ્રગ્સ નેટવર્ક નેસ્તનાબૂદ કરાયું

ભુજ

ગુજરાતનો દરિયા કિનારો ફરી એકવાર ડ્રગ્સ માફિયાઓ માટે કાળ સાબિત થયો છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) દ્વારા કચ્છના દરિયામાં એક અત્યંત ગુપ્ત અને સફળ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. બ્રાઝિલથી દરિયાઈ માર્ગે ગુજરાત થઈને દિલ્હી સુધી પહોંચાડવામાં આવી રહેલો ૧૫૦ કિલો હાઈ-ક્વોલિટી કોકેઈનનો મસમોટો જથ્થો સુરક્ષા એજન્સીઓએ ઝડપી પાડ્યો છે.




મળતી વિગતો મુજબ, સુરક્ષા એજન્સીઓને બાતમી મળી હતી કે 'યુરોપ' નામના એક મોટા કાર્ગો વહાણમાં બ્રાઝિલથી ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થો લાવવામાં આવી રહ્યા છે. આ ચોક્કસ ઈનપુટ્સના આધારે કોસ્ટ ગાર્ડ અને એટીએસની ટીમે દરિયામાં વોચ ગોઠવી હતી. શંકાસ્પદ વહાણ કચ્છ નજીક આવતા જ તેને આંતરીને સઘન તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન વહાણમાંથી શંકાસ્પદ ૬ થેલા મળી આવ્યા હતા, જેમાંથી અંદાજે ૧૫૦ કિલો પ્રતિબંધિત કોકેઈનનો જથ્થો જપ્ત કરાયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત કરોડો રૂપિયા આંકવામાં આવી રહી છે.

દિલ્હી સુધી લંબાયા તપાસના તાર, વિદેશી નાગરિકો ઝડપાયા

આ દરિયાઈ ઓપરેશન દરમિયાન એજન્સીઓએ જુમા નાસિર ઓમર નામના શખ્સની સ્થળ પરથી જ ધરપકડ કરી લીધી હતી. તેની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આ ડ્રગ્સનો મોટો જથ્થો દિલ્હીમાં ડિલિવર કરવાનો હતો. ગુજરાત પોલીસે સમય સૂચકતા વાપરી તુરંત જ દિલ્હી પોલીસનો સંપર્ક કર્યો હતો.

દિલ્હી પોલીસની મદદથી સ્થાનિક સ્તરે જાળ બિછાવીને ડ્રગ્સની ડિલિવરી મેળવનાર મુખ્ય સાગરીતો કેલ્વિન ચૂકવૂમા અને બયારુહાંગા જેમ્સને પણ સકંજામાં લઈ રાઉન્ડઅપ કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં આ આખું નેટવર્ક આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટ સાથે જોડાયેલું હોવાનું બહાર આવ્યું છે. હાલ ગુજરાત ATS દ્વારા પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરીને આ કાળા કારોબારના મૂળ સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

## સ્થાનિક ચૂંટણી હાર્યા પછી કોંગ્રેસનું ગાંધીનગરમાં ઓપરેશન મંથન

# ભાજપના તોડજોડ સામે મોવડી મંડળની કડક કાર્યવાહીના એંધાણ

ગાંધીનગર

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પરાજય બાદ બેકફૂટ પર આવેલી કોંગ્રેસે સંગઠનને બેઠું કરવા માટે 'ઓપરેશન મંથન' શરૂ કર્યું છે. ગાંધીનગર સેક્ટર-17 સ્થિત બ્રહ્મ સમાજ હોલ ખાતે ઉત્તર ગુજરાત કોંગ્રેસ પ્રભારી સુભાષીની યાદવની અધ્યક્ષતામાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પક્ષના તમામ હોદ્દેદારો સહિત ચૂંટણી લડેલા વિજેતા અને પરાજિત ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાના સંકેત આપવામાં આવ્યા છે.

બેઠક દરમિયાન વિપરીત પરિસ્થિતિઓમાં પણ ઉત્સાહથી ચૂંટણી લડનારા ઉમેદવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાત પ્રભારી સુભાષીની યાદવે હાર માટે ભાજપની તોડજોડની નીતિને જવાબદાર ઠેરવતા ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સત્તાધારી પક્ષ દ્વારા કોંગ્રેસના ઉમેદવારોને લોભ-લાલચ આપવાની સાથે ધમકીઓ પણ આપવામાં આવી હતી અને સંગઠનના માળખાને તોડવાનો પ્રયાસ થયો હતો, તેમ છતાં કાર્યકરોએ અડગ રહીને લડત આપી છે. પ્રભારીએ ઉમેર્યું કે, આગામી 3 દિવસ સુધી ઉત્તર ગુજરાતના વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈને ઉમેદવારોનો ઉત્સાહ વધારવામાં આવશે અને જે વિસ્તારોમાં ચૂંટણી દરમિયાન અનિયમિતતાઓ થઈ છે તેની સમીક્ષા કરાશે. દિલ્હીમાં મળેલી કેન્દ્રીય નેતૃત્વની બેઠકમાં પણ આ મુદ્દે ગંભીર ચર્ચા થઈ હતી અને પક્ષ હવે ક્યાં કમી રહી ગઈ તે અંગે આત્મચિંતન કરી રહ્યો છે. કોંગ્રેસે હવે પક્ષમાં શિસ્ત જાળવવા માટે આકરૂ વલણ અપનાવ્યું છે. ચૂંટણીમાં જે ઉમેદવારોએ છેલ્લી ઘડીએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા હતા તેમની સામે તો કડક કાર્યવાહી કરાશે જ, પરંતુ સાથે-સાથે આવા ભીતરી ઘા કરનારા લોકોને ટિકિટ અપાવવા પાછળ કયા મોટા નેતાઓનો હાથ હતો તેની પણ આંતરિક તપાસ કરીને જવાબદારો સામે દાખલારૂપ પગલાં લેવામાં આવશે. સ્થાનિક ચૂંટણીના પરિણામોથી કોંગ્રેસનું કેન્દ્રીય મોવડી મંડળ પણ ચિંતિત છે. જે અંતર્ગત આગામી 31 મે અને 1 જૂનના રોજ કોંગ્રેસના વરિષ્ઠ નેતા મુકુલ વાસનિક ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેમના આ પ્રવાસ બાદ ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના સંગઠન માળખામાં મોટા પાયે ફેરબદલ થવાના સ્પષ્ટ સંકેતો છે. 1 જૂન પછી કોંગ્રેસ પોતાની આંતરિક ભૂલો સુધારીને પક્ષ હિતમાં કેટલાક મોટા અને નિર્ણાયક નિર્ણયો લઈ શકે છે.

## બકરી ઈદ પર્વને લઈ ઝાલોદ પોલીસનું ફ્લેગ માર્ચ

# PI રવિ ગામીતની અધ્યક્ષતામાં નગરમાં કડક પોલીસ બંદોબસ્ત સાથે ફૂટ માર્ચ યોજાયો

દાહોદ, પંકજ પંડિત

આવનારા બકરી ઈદના પર્વને લઈ ઝાલોદ પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે સતર્ક બન્યું છે. તહેવાર દરમિયાન નગરમાં શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રહે તે હેતુસર ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.આઈ રવિ ગામીત ની અધ્યક્ષતામાં ઝાલોદ નગરના વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ તથા ફૂટ માર્ચ યોજાયો હતો.




પોલીસ દ્વારા નગરના મુખ્ય બજાર વિસ્તાર, ભીડભાડવાળા વિસ્તારો, ધાર્મિક સ્થળો તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ફૂટ માર્ચ દરમિયાન પોલીસ દળે લોકોને સુરક્ષાની ભાવના સાથે કાયદાનું પાલન કરવા, શાંતિ જાળવવા અને કોઈપણ પ્રકારની અફવા કે ભ્રામક માહિતીથી દૂર રહેવા અપીલ કરી હતી. આ ફૂટ માર્ચમાં પી.એસ.આઈ સી.કે. સીસોદીયા, પી.એસ.આઈ રાધાબેન ડામોર સહિત ઝાલોદ પોલીસ સ્ટેશનનો સ્ટાફ, પોલીસ જવાનો અને હોમગાર્ડના જવાનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. પોલીસના વાહનો સાથે કરવામાં આવેલા ફ્લેગ માર્ચથી નગરમાં કાયદો અને વ્યવસ્થાને લઈને પોલીસની સજ્જતા જોવા મળી હતી. ઝાલોદ પોલીસ તંત્ર દ્વારા બકરી ઈદના પર્વ દરમિયાન સતત પેટ્રોલિંગ, ચેકિંગ અને દેખરેખ રાખવામાં આવશે તેવી માહિતી પણ આપવામાં આવી હતી. તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને સૌહાર્દપૂર્ણ માહોલમાં લોકો પર્વની ઉજવણી કરી શકે તે માટે પોલીસ તંત્ર સતત કામગીરી કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું હતું. નગરજનો દ્વારા પણ પોલીસની આ કામગીરીને આવકારી હતી અને તહેવાર પૂર્વે પોલીસ દ્વારા લેવામાં આવેલા સુરક્ષા પગલાંને પ્રશંસનીય ગણાવાયા હતા.

# કચ્છના ખેડૂતનો દીકરો જેણે મુંબઇ જઇને આંકડાની માયાજાળ રચી : મસાલા વેચવાથી લઇને 'મટકા કિંગ' બનવાની રોમાંચક કહાણી!

## મુંબઈમાં ન્યૂયોર્ક કોટન એક્સચેન્જમાંથી આવતા કપાસના ઓપનિંગ અને ક્લોઝિંગ ભાવ પર સટ્ટો રમાતો હતો

નડિયાદ

કચ્છની સૂકી ધરતી પર જન્મેલા એક ખેડૂતના ઘરે જ્યારે દીકરાનો જન્મ થયો, ત્યારે કોઈએ સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય કે આ છોકરો એક દિવસ માયાનગરી મુંબઈ જઈને આખા દેશના સટ્ટા બજારને પોતાની આંગળીના ઈશારે નચાવશે. આ કહાણી છે કલ્યાણજી ભગતની, જેણે આંકડાની એવી માયાજાળ રચી કે આખું મુંબઈ તેની પાછળ ઘેલું થયું હતું.

કચ્છના રતડિયા ગામના વતની કલ્યાણજી ભગત ૧૯૪૦ના દાયકામાં મુંબઈ આવ્યા ત્યારે તેમની પાસે નહોતી કોઈ મોટી ઓળખાણ કે નહોતા અઢળક પૈસા. શરૂઆતના દિવસોમાં પેટનો ખાડો પૂરવા માટે તેમણે મુંબઈની ગીચ ગલીઓમાં મસાલા વેચવાનું અને કરિયાણાની દુકાનમાં મજૂરી કરવાનું કામ શરૂ કર્યું. પણ તેમના મગજમાં કંઈક મોટું અને અલગ કરવાની ગણતરીઓ ચાલતી હતી. એ દિવસોમાં મુંબઈમાં ન્યૂયોર્ક કોટન એક્સચેન્જમાંથી આવતા કપાસના ઓપનિંગ અને ક્લોઝિંગ ભાવ પર સટ્ટો રમાતો હતો. કલ્યાણજી ભગતે આમાં રહેલી કમાણીની તક ઝડપી લીધી અને વરલી વિસ્તારમાં એક નાની દુકાન પરથી આ સટ્ટા બજારનું સંચાલન પોતાના હાથમાં લીધું. પરંતુ ખરી ટ્વિસ્ટ ૧૯૬૧માં આવ્યો, જ્યારે ન્યૂયોર્ક કોટન એક્સચેન્જે આ પ્રથા બંધ કરી દીધી. આંકડાના શોખીન કલ્યાણજી ભગતે હાર ન માની. તેમણે સટ્ટો ચાલુ રાખવા માટે એક નવો જ કીમિયો શોધ્યો, જે 'મટકા' તરીકે પ્રખ્યાત થયો. એક મોટા માટીના ઘડામાં (મટકામાં) ૧ થી ૯ આંકડા લખેલી ચિઠ્ઠીઓ નાખવામાં આવતી. તેમાંથી એક ચિઠ્ઠી કાઢીને ભાગ્યશાળી આંકડો નક્કી થતો. બસ, આ સાદા લાગતા આઈડિયાએ મુંબઈમાં આંકડાની એવી માયાજાળ રચી કે કલ્યાણજી ભગત રાતોરાત 'મટકા કિંગ' બની ગયા. કલ્યાણજી ભગતનો વરલી મટકા એટલો લોકપ્રિય થયો કે મુંબઈની મિલોમાં કામ કરતા સામાન્ય મજૂરોથી લઈને મોટા વેપારીઓ પણ માત્ર એક રૂપિયાના સટ્ટાથી લાખો કમાવવાની લાલચમાં ખેંચાઈ આવ્યા. કલ્યાણજી ભગતે આ ધંધામાં એક નિયમ રાખ્યો હતો કે વિજેતાને તેના પૈસા તરત જ મળી જતા, જેના કારણે લોકોનો તેમના પર અતૂટ ભરોસો બેસી ગયો. લાખો લોકો રોજ કરોડો રૂપિયાનો સટ્ટો રમતા અને કલ્યાણજી ભગતનું સામ્રાજ્ય સતત વધતું ગયું.

સમય બદલાયો, મુંબઈમાં ગેંગસ્ટરો અને અંડરવર્લ્ડની એન્ટ્રી થઈ અને મટકાના આ કાળા કારોબાર પર પોલીસની કરડી નજર પડી.

## LRD ઉમેદવારો આનંદો!

# લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની તારીખ જાહેર : 6 જૂન 2026થી કૉલ લેટર નીકળશે

ગાંધીનગર

ગુજરાત પોલીસ હેઠળ ભરતી જાહેરાત ક્રમાંક GPRB/202526/1 લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. ભરતી બોર્ડ અનુસાર, આગામી 14 જૂન, 2026ના રોજ લેખિત પરીક્ષા યોજાશે. જેના કૉલ લેટર 6 જૂનના બપોરે 2 વાગ્યાથી Ojas પરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત પોલીસ દળમાં જોડાવાનું સપનું જોતાં લાખો યુવાનો માટે લાંબા સમયની પ્રતીક્ષાનો અંત આવ્યો છે. પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક દળ(LRD) અને PSIની કુલ 13,591 જગ્યાઓ માટે શારીરિક કસોટી પૂર્ણ થયા બાદ LRD કુલ 12,733 જગ્યા માટે આગામી 14 જૂનના રોજ લેખિત પરીક્ષા લેવાશે. જેના કૉલલેટર ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. પોલીસ ભરતી બોર્ડની જાહેરાત ક્રમાંક GPRB/202526/1 લોકરક્ષક કેડરની શારીરિક પરીક્ષાનું પરિણામ ગત 2 એપ્રિલ, 2026ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 1.73 લાખથી વધુ પુરુષ ઉમેદવાર અને કુલ 89405 મહિલા ઉમેદવાર શારીરિક કસોટીમાં પાસ થયા હતા. આમ કુલ 2.62 લાખથી વધુ ઉમેદવારો LRDની લેખિત પરીક્ષા આપશે. લોકરક્ષક કેડર (Lok rakshak Cadre) – કુલ 12,733 જગ્યા : બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ: 6942, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ: 2458, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF):3002, જેલ સિપાહી (પુરુષ): 300.

## તંત્રી લેખ...


# સંબંધ બાંધ્યા પછી પુરુષોના મનમાં શું ચાલે છે? જાણો સ્ત્રી પાર્ટનર પ્રત્યેના તેમના વિચારોની 'ઈન્સાઇડ સ્ટોરી'

### પથારીમાં પર્ફોમન્સથી લઈને પાર્ટનરની ખુશી સુધી: શારીરિક સુખ માણ્યા પછી પુરુષના મગજમાં ચાલતા વિચારોનો ગરમાગરમ ખુલાસો

સામાન્ય રીતે સ્ત્રી અને પુરુષ વચ્ચેના શારીરિક સંબંધોને લઈને સમાજમાં અનેક વાતો થતી હોય છે, પરંતુ સંબંધ બાંધ્યા પછી બન્નેના મનમાં કેવા વિચારો આવે છે તે એક મોટો રહસ્યનો વિષય છે. જે રીતે દરેક સ્ત્રીના મનમાં હંમેશા એક સવાલ હોય છે કે તે પોતાના પાર્ટનરને કેવી રીતે પોતાની શારીરિક હરકતો, ક્રિયાઓ અને અદાઓ દ્વારા પોતાનો બનાવીને રાખે, તે જ રીતે તેના મનમાં એ સવાલ પણ હંમેશા રમતો હોય છે કે તેનો પુરુષ પાર્ટનર જાતીય સુખ માણ્યા પછી તેના વિશે શું વિચારતો હશે? શું સંબંધ પૂરો થયા પછી પુરુષો માત્ર ઊંઘી જવાનું વિચારે છે? ના, હકીકત કંઈક અલગ જ છે. જાતીય સુખ માણ્યા પછી પુરુષના મનમાં અનેક પ્રકારના વિચારોનું તોફાન ચાલતું હોય છે.

પર્ફોમન્સની ચિંતા અને પાર્ટનરનો સંતોષ

વિજ્ઞાન અને મનોવિજ્ઞાન કહે છે કે સંબંધ બાંધ્યા પછી પુરુષો સૌથી પહેલી ચિંતા તેમના પર્ફોમન્સની કરે છે. પુરુષના મનમાં સતત એ સવાલ ચાલતો હોય છે કે, 'શું પથારીમાં મારું પર્ફોમન્સ મારા પાર્ટનરને સંતોષ આપનારું હતું? શું તેને મારી સાથે સમાગમ માણવાનું પસંદ આવ્યું?' દરેક સ્ત્રી તેના પાર્ટનર સાથે આ ક્ષણોનો



આનંદ માણતી જ હોય છે, પરંતુ પુરુષો પોતાની મર્દાનગી અને પાર્ટનર પ્રત્યેની જવાબદારીને લઈને અંદરખાને ક્યાંક ને ક્યાંક ચિંતિત હોય છે. તેઓ ઈચ્છે છે કે તેમની સ્ત્રી પાર્ટનર તેમની સામે પોતાના સંતોષની ખુલ્લીને પ્રશંસા કરે.

લાગણીશીલ જોડાણ અને શાંતિનો અહેસાસ

શારીરિક ક્રિડાઓ પૂરી થયા પછી પુરુષોના શરીરમાં હોર્મોનલ બદલાવ આવે છે, જેના કારણે તેઓ એક અલગ જ શાંતિનો અનુભવ કરે છે. આ સમયે તેમના વિચારો કંઈક આવા હોય છે:

પાર્ટનર પ્રત્યે વધુ આકર્ષણ: શારીરિક સુખ માણ્યા પછી પુરુષ પોતાની સ્ત્રી પાર્ટનરને વધુ નજીક અને સુરક્ષિત અનુભવે છે. તેના મનમાં પાર્ટનર પ્રત્યેનો આદર અને પ્રેમ બમણો થઈ જાય છે.

નજીક આવવાની ઈચ્છા (Cuddling): ઘણા લોકોને એવું લાગે છે કે પુરુષો સંબંધ પૂરો થતાં જ પીઠ ફેરવી લે છે, પરંતુ હકીકતમાં તેઓ તેમના પાર્ટનરને ભેટીને (Cuddle કરીને) સૂવાનું અથવા પ્રેમભરી વાતો કરવાનું વધારે પસંદ કરે છે.

ભવિષ્ય અને જવાબદારીના વિચારો: આ આખી પ્રક્રિયા પછી પુરુષનું મન થોડું ગંભીર પણ બને છે. તે પોતાના પરિવાર, સંબંધોની મજબૂતી અને પાર્ટનરને લાઈફમાં કેવી રીતે ખુશ રાખવી તેના વિશે પણ ઊંડાણપૂર્વક વિચારવા લાગે છે.

સ્ત્રીઓ માટે પોતાના પુરુષ પાર્ટનરની આ માનસિકતા જાણવી ખૂબ જરૂરી છે. જ્યારે કોઈ સ્ત્રી સંબંધ બાંધ્યા પછી પથારીમાં પોતાના પુરુષ પાર્ટનરના પર્ફોમન્સના વખાણ કરે છે અથવા તેને પ્રેમથી ગળે લગાવે છે, ત્યારે પુરુષનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી જાય છે અને સંબંધોમાં ક્યારેય કડવાશ આવતી નથી.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# નિષ્ફળતા કરતાં સફળતા પછીની લડાઈ વધુ ભયાનક હોય છે

### દુનિયા હંમેશા વિજેતાના ગળામાં રહેલો હાર જુએ છે, પણ એ હાર પાછળ છુપાયેલી કાંટાળી સફર કોઈ જોતું નથી. મોટાભાગના લોકો સફળતાને એક 'ગંતવ્ય' માને છે

દુનિયા હંમેશા વિજેતાના ગળામાં રહેલો હાર જુએ છે, પણ એ હાર પાછળ છુપાયેલી કાંટાળી સફર કોઈ જોતું નથી. મોટાભાગના લોકો સફળતાને એક 'ગંતવ્ય' માને છે એક એવી જગ્યા જ્યાં પહોંચ્યા પછી બધું શાંત થઈ જશે, માત્ર સુખ અને આરામ હશે. પણ હકીકત એ છે કે સફળતા એ કોઈ આરામગૃહ નથી, પણ એક એવી રણભૂમિ છે જ્યાં લડાઈ પહેલા કરતાં વધુ ભયાનક બની જાય છે.

જ્યારે તમે શૂન્ય હોવ ત્યારે તમારી ભૂલ કોઈ જોતું નથી, પણ જ્યારે તમે સફળ થાઓ છો ત્યારે તમારી એક નાની ભૂલ પણ આખા જગત માટે ચર્ચાનો વિષય બને છે. નિષ્ફળતામાં તમારી પાસે ગુમાવવા માટે કંઈ નથી હોતું, પણ સફળતામાં તમારે દરરોજ તમારી જાતને સાબિત કરવી પડે છે. ગઈકાલની જીત આજે જૂની થઈ ગઈ હોય છે, અને આજે નવેસરથી યુદ્ધ લડવું પડે છે. શિખર પર પહોંચવું કદાચ નસીબ હોઈ શકે, પણ ત્યાં પગ ટકાવી રાખવા માટે તો લોખંડી ચરિત્ર જ જોઈએ.

સફળતાનો સૌથી કડવો અને કદરૂપો ચહેરો છે. નિષ્ફળતા વખતે જે લોકો તમારી સાથે નહોતા, તે સફળતા મળતા જ તમારી આસપાસ ભીડ જમાવી લેશે. પણ યાદ રાખજો, આ ભીડમાં સાચો હિતેચ્છુ કોણ અને સ્વાર્થનો સગો કોણ, એ ઓળખવું એ સૌથી મોટી માનસિક કસોટી છે. તમારી સફળતાની તાળીઓ પાડનારા ઘણા હાથો વાસ્તવમાં તમારા લપસવાની જ રાહ જોતા હોય છે. જેમ એક ઊંચા વૃક્ષને કાપનારા અને તેની ડાળીઓ



તોડનારા વધુ હોય છે, તેમ સફળ વ્યક્તિને પાછળ પાડવા માટે આખું જગત મથતું હોય છે. જ્યારે તમે ટોચ પર હોવ, ત્યારે લોકો તમને પાડી દેવા માટે ઈર્ષા, નિંદા અને બદનામીના પથ્થરો ફેંકશે જ. આ નકારાત્મકતાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે તમારી અંદર સ્થિતપ્રજ્ઞતા કેળવવી. પથ્થર હંમેશા ફળ આપતા વૃક્ષને જ વાગે છે. તમારી નિંદા એ પુરાવો છે કે તમે કંઈક મોટું કરી રહ્યા છો. આ કદરૂપી દુનિયા સામે વળતો પ્રહાર કરવાને બદલે 'સંયમિત મૌન' અને 'સ્મિત' ને તમારું હથિયાર બનાવો. જે વ્યક્તિ સફળતાને પચાવીને પોતાની ગરિમા અને નમ્રતા જાળવી રાખે છે, તેને દુનિયાની કોઈ પણ નકારાત્મકતા પરાજિત કરી શકતી નથી. નિંદા એ સફળતાનો એવો 'ટેક્સ' છે જે દરેક વિજેતાએ ચૂકવવો જ પડે છે, બસ તેને ચૂકવીને સ્મિત સાથે આગળ વધતા રહો.

જેમ જેમ તમારી સફળતાનો ગ્રાફ ઉપર જાય છે, તેમ તેમ તમારી પ્રાઈવસી અને અંગત સમય ઘટતો જાય છે. ટોચ પર પહોંચ્યા પછી તમારી વેદના સમજવાવાળું કોઈ હોતું નથી. દુનિયા માટે તમે એક 'રોલ મૉડેલ' હોવ છો, પણ તમારા પોતાના લોકો માટે તમે ઘણીવાર માત્ર 'વ્યસ્ત' વ્યક્તિ બની જાવ છો. શું તમે આ એકલતા સહન કરવાની હિંમત ધરાવો છો? પર્વતની ટોચ હંમેશા સાંકડી હોય છે, ત્યાં ભીડને સ્થાન નથી હોતું, માત્ર એકલતા અને આકાશ હોય છે.માનસિક રીતે તૈયાર રહેવું. સફળતા એ માત્ર બેંક બેલેન્સ કે પદ નથી, પણ એ એક જવાબદારીનો 'કાંટાળો તાજ' છે. જો તમારો હેતુ માત્ર અંગત સુખ હશે તો તમે થાકી જશો, પણ જો તમારામાં સમાજ પ્રત્યેની નિષ્ઠા અને કંઈક નવું આપવાની ભાવના હશે, તો આ મુશ્કેલીઓ જ તમને ખરા અર્થમાં 'મહાનાયક' બનાવશે. સફળ થવું સહેલું છે, પણ સફળતાને પચાવવી અને તેને ગરિમા સાથે જાળવી રાખવી એ જ સાચા વિજેતાનું લક્ષણ છે.

**દર્શના પટેલ**

**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# 55,000 કરોડ રૂપિયાની અછતથી 1500 પ્રોજેક્ટો અટકી પડયા

### રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ભારતીય રૂપિયાને સપોર્ટ આપવા માટે વ્યાજદરમાં વધારો કરવાના પક્ષમાં નથી જણાઈ રહ્યું પરંતુ મુદ્દોએ છે કે આરબીઆઈની સૌપ્રથમ પ્રાથમિકતા મોંઘવારી દરને કાબૂમાં રાખવાની જ છે

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ભારતીય રૂપિયાને સપોર્ટ આપવા માટે વ્યાજદરમાં વધારો કરવાના પક્ષમાં નથી જણાઈ રહ્યું પરંતુ મુદ્દોએ છે કે આરબીઆઈની સૌપ્રથમ પ્રાથમિકતા મોંઘવારી દરને કાબૂમાં રાખવાની જ છે. રૂપિયાની નબળાઈના પ્રતિભાવમાં આરબીઆઈ વ્યાજ દર વધારવાના પક્ષમાં નથી. આરબીઆઈ પાસે એનએઆરઆઈ માટે ડોલર ડિપોઝિટ સ્કીમ અને ડેટ રોકાણકારો માટે ટેક્સ ફેરફાર સહિતના અનેક વિકલ્પો છે. ઈરાન સંઘર્ષને કારણે ઊર્જાના ભાવમાં વધારો થવાને કારણે રૂપિયો રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે. ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ જેવા દેશોએ ફુગાવા અને ચલણ નબળાઈના ભયને કારણે વ્યાજ દરોમાં વધારો કર્યો છે.

ફેબ્રુઆરીના અંતમાં ઈરાન યુદ્ધ શરૂ થયા પછી ભારતીય રૂપિયો ડોલર સામે લગભગ ૬ ટકા નબળો પડયો છે, જે આ સપ્તાહે ૯૭ ડોલરની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો છે. વ્યાજ દર સ્વેપ માર્કેટ સૂચવે છે કે આરબીઆઈ આગામી ત્રણ મહિનામાં ઓછામાં ઓછા ૪૦ બેસિસ પોઈન્ટનો દર વધારી શકે છે અને આગામી વર્ષમાં ૧૦૦થી વધુ બેસિસ પોઈન્ટની અપેક્ષા છે. - REITsની ભારતમાં મંથર ગતિ થશે બેંકોએ કોમર્શિયલ રિયલ એસ્ટેટમાં રૂ. ૫.૨ લાખ કરોડથી વધુની લોન આપી છે. છ લિસ્ટેડ રિટ્સનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૨ લાખ કરોડથી વધુ છે. હાલમાં, ભારતના રિટ્સ-પાત્ર ઓફિસ સ્ટોકના ૫૨૦ મિલિયન ચોરસ ફૂટમાંથી, ફક્ત ૧૯૮ મિલિયન ચોરસ ફૂટ અર્થાત્ ૩૭ ટકા લિસ્ટેડ છે. ભારતમાં રિટ્સનું વિસ્તરણ વિકસિત દેશો કરતાં નોંધપાત્ર રીતે ઓછું છે. રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ ટ્રસ્ટનું માર્કેટ કેપ સ્ટોક માર્કેટ કેપિટલના માત્ર ૦.૪ ટકા જેટલું છે. તે લિસ્ટેડ રિયલ એસ્ટેટ માર્કેટ વેલ્યુના માત્ર ૨૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે, જે વિકસિત બજારો કરતાં નોંધપાત્ર રીતે ઓછું છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ડેટા સેન્ટર્સ, લોજિસ્ટિક્સ, ઔદ્યોગિક રિયલ એસ્ટેટ અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર આધારિત ઓફિસ ડેવલપમેન્ટ લાંબા ગાળાના મૂડી રોકાણના આગામી મુખ્ય લાભાર્થીઓ હશે.

ભારતની ડેટા સેન્ટર ક્ષમતા ૨૦૩૦ સુધીમાં ૮ ગીગાવોટથી વધુ થવાની ધારણા છે. વેરહાઉસિંગ સ્ટોક પહેલાથી જ ૬૦૫ મિલિયન ચોરસ ફૂટથી વધુ થઈ ગયો છે. જીસીસી અને ટેકનોલોજી કંપનીઓ ૨૦૩૦ સુધીમાં ૧.૨ અબજ ચોરસ ફૂટ ઓફિસ સ્પેસની માંગને વેગ આપે તેવી અપેક્ષા છે. ભારતનું એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટર સતત ભંડોળની તીવ્ર અછતનો સામનો કરી રહ્યું છે. એનારોક કેપિટલના રિપોર્ટ મુજબ ભંડોળની અછતના કારણે દેશમાં ૧૫૦૦થી વધુ પ્રોજેક્ટો ખોરંભે ચઢયા છે. આ પ્રોજેક્ટોના ૪,૫૦,૦૦૦થી વધુ એફોર્ડેબલ અને મિડ-રેન્જ હાઉસિંગ યુનિટનું ભાવિ અદ્ધરતાલ થયું છે. રિપોર્ટ અનુસાર અટવાયેલા આ ૧૫૦૦ પ્રોજેક્ટોમાં આશરે રૂ. ૫૫,૦૦૦ કરોડની નાણાકીય સહાયની જરૂર છે. દેશનું એફોર્ડેબલ અને મિડ-રેન્જ હાઉસિંગ સેગમેન્ટ ઔપચારિક મૂડી અને સંસ્થાકીય ધિરાણની પહોંચની બહાર રહે છે. ભારતના રિયલ એસ્ટેટ સેક્ટરને ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલર અને ૨૦૪૭ સુધીમાં ૫ ટ્રિલિયન ડોલરથી ૭ ટ્રિલિયન ડોલરના બજાર કદ સુધી પહોંચવા માટે આગામી ૧૦ વર્ષમાં ૫૦ લાખ કરોડ રૂપિયાની મૂડીની જરૂર પડશે એવો અંદાજ છે. વર્તમાન રિયલ એસ્ટેટ માર્કેટ ૫૫૦ અબજ ડોલર એટલેકે રૂપિયા ૫૫ ટ્રિલિયનનું હોવાનો અંદાજ છે. એનારોકના રિપોર્ટ મુજબ ભારત હાલમાં આશરે ૧ કરોડ એફોર્ડેબલ હાઉસિંગ યુનિટની અછતનો સામનો કરી રહ્યું છે અને ૨૦૩૦ સુધીમાં ઓછામાં ઓછા ૨.૫ કરોડ એફોર્ડેબલ હાઉસિંગ યુનિટની જરૂર પડશે. તેમ છતાં, એફોર્ડેબલ હાઉસિંગનો સપ્લાય ઝડપથી ઘટી રહ્યો છે. ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરમાં રૂ. ૪૦ લાખથી ઓછી કિંમતના ઘરોનો હિસ્સો ફક્ત ૧૦ ટકા હતો, જે ૨૦૨૧માં ૨૬ ટકા હતો. પ્રીમિયમ હાઉસિંગ સેગમેન્ટમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ૧૫ કરોડ રૂપિયાથી વધુ કિંમતના ઘરો નવા લોન્ચિંગમાં ૫૩ ટકા હિસ્સો ધરાવે છે. અહેવાલ મુજબ નાણાકીય સંસાધનો હવે મુખ્યત્વે ઉચ્ચ-માર્જિન ધરાવતા પ્રોજેક્ટો અને મેટ્રોપોલિટન બજારોમાં ટોચના ડેવલપર્સ પર કેન્દ્રિત થઈ રહ્યા છે, જેના કારણે એફોર્ડેબલ તેવા ઘરોને સતત અપૂરતા ભંડોળનો સામનો કરવો પડી રહ્યો છે.

# ડિજિટલ અરેસ્ટ ફ્રોડથી બચાવશે 'ABHAY'

છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં 'ડિજિટલ અરેસ્ટ' સ્કેમના કેસ સતત વધી રહ્યા છે. 'નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ' (NCRP) અનુસાર, વર્ષ 2024માં ડિજિટલ અરેસ્ટ અને તેનાથી સંબંધિત સાયબર અપરાધોના 1.23 લાખથી વધુ કેસ નોંધાયા. જેમાં લગભગ 1,935.51 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ. જ્યારે 2025ના શરૂઆતના બે મહિનામાં જ 17,718 કેસ સામે આવ્યા, જેમાં 210.21 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ. આશ્ચર્યની વાત એ છે કે શિક્ષિત લોકો પણ આ સ્કેમનો શિકાર બની રહ્યા છે. તાજેતરમાં 'સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન' (CBI) એ 'ABHAY' નામનો એક AI આધારિત ચેટબોટ લોન્ચ કર્યો છે. આ ટૂલ CBIના નામે મોકલવામાં આવેલી નકલી નોટિસને વેરિફાય કરવામાં મદદ કરશે. આનાથી લોકોને ડિજિટલ અરેસ્ટ અને સાયબર છેતરપિંડી જેવા સ્કેમથી બચવામાં મદદ મળશે. આ એક AI આધારિત હેલ્પબોટ (એક પ્રકારનો ચેટબોટ) છે, જેને CBI એ નોટિસ વેરિફિકેશન માટે લોન્ચ કર્યો છે. સાયબર ગુનેગારો ડિજિટલ અરેસ્ટના મોટાભાગના કિસ્સાઓમાં CBI ના નામે નકલી નોટિસ મોકલીને છેતરપિંડી કરે છે. 'ABHAY' ચેટબોટથી તેને વેરિફાય કરી શકાશે. આ પહેલું રિયલ-ટાઈમ નોટિસ વેરિફિકેશન ટૂલ છે, જેને નાગરિકોને સાયબર ફ્રોડ અને ડિજિટલ અરેસ્ટ સ્કેમના જોખમથી બચાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.


'ABHAY' નો અર્થ થાય છે- ભયમુક્ત. એટલે કે આ ચેટબોટનો ઉદ્દેશ્ય લોકોને સાયબર અપરાધો પ્રત્યે જાગૃત, સતર્ક અને નિર્ભય બનાવવાનો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ડિજિટલ અરેસ્ટ, નકલી CBI નોટિસ, વીડિયો કોલ બ્લેકમેલિંગ અને સરકારી એજન્સીના નામે થતી છેતરપિંડીના કેસોમાં ઝડપથી વધારો થયો છે. આને રોકવા માટે 'ABHAY' ચેટબોટ લોન્ચ કરવામાં આવ્યું છે. આ AI આધારિત રિયલ ટાઈમ નોટિસ વેરિફિકેશન પ્લેટફોર્મ છે, જે સામાન્ય લોકોને CBIના નામથી આવેલી નોટિસની સત્યતા તપાસવાની સુવિધા આપે છે. એટલે કે લોકો પોતે ઓનલાઈન નોટિસ વેરિફાય કરી શકે છે. આ સંકેતોથી ઓળખી શકાય છે- તાત્કાલિક પૈસા જમા કરાવવાનું દબાણ હોય. ડરામણી ભાષાનો ઉપયોગ થતો હોય. પર્સનલ એકાઉન્ટમાં પૈસા માંગવામાં આવે. વીડિયો કૉલ પર 'સીક્રેટ તપાસ'ની વાત હોય. ખરાબ ભાષા અથવા ખોટી જોડણી હોય. ઉતાવળમાં કાર્યવાહી કરવાનું દબાણ હોય. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં 'ડિજિટલ અરેસ્ટ' સ્કેમના કેસ સતત વધી રહ્યા છે. 'નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ' (NCRP) અનુસાર, વર્ષ 2024માં ડિજિટલ અરેસ્ટ અને તેનાથી સંબંધિત સાયબર અપરાધોના 1.23 લાખથી વધુ કેસ નોંધાયા. જેમાં લગભગ 1,935.51 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ. જ્યારે 2025ના શરૂઆતના બે મહિનામાં જ 17,718 કેસ સામે આવ્યા, જેમાં 210.21 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ. આશ્ચર્યની વાત એ છે કે શિક્ષિત લોકો પણ આ સ્કેમનો શિકાર બની રહ્યા છે. તાજેતરમાં 'સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન' (CBI) એ 'ABHAY' નામનો એક AI આધારિત ચેટબોટ લોન્ચ કર્યો છે.

# 28 મે : ભારતીય ક્રાંતિના મહાનાયક વીર વિનાયક દામોદર સાવરકરની જન્મજયંતિ

**દેશની આઝાદીની લડતમાં અનેક ક્રાંતિકારીઓનો ફાળો છે. એમાં વીર સાવરકરનું નામ ટોચની હરોળમાં ચોક્કસ લઈ શકાય . વીર સાવરકર એક મહાન ઐતિહાસિક ક્રાંતિકારી હતા. તે મહાન વક્તા, વિદ્વાન, પ્રચુર લેખક, ઈતિહાસકાર, કવિ, દાર્શનિક અને સામાજિક કાર્યકર હતા. તેઓ સ્વાતંત્ર્યસેનાની, કટ્ટર હિંદુત્વવાદી, અગ્રણી સાહિત્યકાર તથા સમાજસુધારક હતા નિકટના વર્તુળમાં તેઓ 'તાત્યારાવ' ઉપનામથી જાણીતા હતા.ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા હતા.**

વિનાયક દામોદર સાવરકર: ભારતીય ક્રાંતિના મહાનાયક વીર સાવરકરની આજે જન્મજયંતિ છે. દેશની આઝાદીની લડતમાં અનેક ક્રાંતિકારીઓનો ફાળો છે. એમાં વીર સાવરકરનું નામ ટોચની હરોળમાં ચોક્કસ લઈ શકાય . વીર સાવરકર એક મહાન ઐતિહાસિક ક્રાંતિકારી હતા. તે મહાન વક્તા, વિદ્વાન, પ્રચુર લેખક, ઈતિહાસકાર, કવિ, દાર્શનિક અને સામાજિક કાર્યકર હતા. તેઓ સ્વાતંત્ર્યસેનાની, કટ્ટર હિંદુત્વવાદી, અગ્રણી સાહિત્યકાર તથા સમાજસુધારક હતા નિકટના વર્તુળમાં તેઓ 'તાત્યારાવ' ઉપનામથી જાણીતા હતા.ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા હતા.જેથીતેઓ 'વીર સાવરકર' ના નામથી જાણીતા થયા. સ્વતંત્રતા સેનાની હોવાની સાથે-સાથે તેઓ ક્રાંતિકારી, વિચારક, સિદ્ધહસ્ત લેખક, કવિ, પ્રખર વક્તા તથા રાજનેતા પણ હતા. ભારતીય ક્રાંતિના મહાનાયક વીર સાવરકરનું આખું નામ વિનાયક દામોદર સાવરકર હતું. તેમનો જન્મ

**વ્યક્તિ વિશેષ**



**લેખક: દીપક જગતાપ**

28 મે 1883 માં થયો હતો. 5 ફેબ્રુઆરી, 1948ના રોજ વીર સાવરકરની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેમને દિલ્હી લાવવામાં આવ્યા ન હતા. તેમને મુંબઈની આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યા હતા. 13 મેના રોજ નોટિસ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે મહાત્મા ગાંધીની હત્યાની સુનાવણી દિલ્હીના લાલ કિલ્લામાં થશે, ન્યાયાધીશ કાનપુરના જિલ્લા ન્યાયાધીશ આત્મા ચરણ હશે અને પ્રથમ તારીખ 27 મે હશે. બીજા દિવસે સાવરકરનો જન્મદિવસ હતો. આ પહેલા લાલ કિલ્લામાં બે પ્રસિદ્ધ કેસ લડાઈ ચૂક્યા હતા, પ્રથમ કેસમાં 1857ની ક્રાંતિ પછી બહાદુર શાહ ઝફરને રંગૂન મોકલી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, બીજો કેસ હતો આઝાદ હિંદ ફોજના અધિકારીઓ પર 1945 માં થયેલો. વીર સાવરકરે ભણતરના સમયે જ અંગ્રેજો સામે લડ્યા હતા, ત્યાર પછી સ્વતંત્રતા સંગ્રામમાં કૂદી પડ્યા હતા. અંગ્રેજોને એટલી હદે હેરાન કરી દીધા હતા કે, બ્રિટિશ સરકારે વીર સાવરકરની સ્નાતકની પદવી પરત લીધી હતી. અંગ્રેજો સામેની લડાઈમાં હથિયારોનો પણ ઉપયોગ કર્યો હતો. 13 માર્ચ 1910ના રોજ લંડનમાંથી ધરપકડ કરી અને કેસ ચલાવવા માટે ભારત પરત મોકલી દીધા હતા. તેઓ એક એવા ઈતિહાસકાર પણ હતા કે જેમણે હિન્દુ રાષ્ટ્રના વિજયના ઈતિહાસને પ્રમાણિકપણે શાબ્દિક રીતે કંડાર્યો હતો. તેમણે 1867ના પ્રથમ સ્વાતંત્રતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઈતિહાસ 'ધ ઈન્ડિયન વૉર ઓફ ઈન્ડિપેન્ડન્સ' નામની બુકમાં લખ્યો હતો. 29-6-1910ના રોજ "મોરિયા" નામના જહાજમાં વિનાયક કેદીના રૂપમાં ભારત પાછા ફરી રહ્યા હતા. તેમની ચોકી કરવા 10 અંગ્રેજ સોલ્જરો પણ સાથે હતા.પરંતુ તેઓ જહાજમાંથી કૂદી તરતા તરતા ફ્રાન્સની ધરતી પર પહોંચી ગયા અને ત્યાં તેમને પકડી લેવામાં આવ્યા. આવી સાહસપૂર્ણ બહાદુરી બતાવવા માટે લોકોએ તેમને વીરની ઉપાધિ આપી. હવે તે વીર સાવરકર થઈ ગયા. આઝાદીની લડાઈ તેઓ કરતા રહ્યા પરંતુ શરૂઆતમાં તો તેઓ હિન્દુ-મુસ્લિમ ભાઈચારાના સમર્થક હતા. ૧૮૫૭માં તેમના પુસ્તકમાં ભાઈચારાની વાત લખી છે. ૧૯૨૪માં કાળાપાણીની ૯ વર્ષની સજા ભોગવ્યા પછી રાજકારણમાં ભાગ નહીં લેવાની અને રત્નાગિરિ જિલ્લામાંથી બહાર નહીં જવાની શરતે તેમને છોડી મૂક્યા. વીર સાવરકરે હિન્દુત્વ - હુ ઈઝ હિન્દુ? પુસ્તક લખ્યું, જેમાં તેમણે પહેલી વખત હિન્દુત્વનો એક રાજકીય વિચારધારા તરીકે ઉપયોગ કર્યો હતો. એ પણ નોંધવું પડે કે ગાંધીજીએ અસ્પૃશ્યતાની લડાઈ શરૂ કરી હતી તો સાવરકર પણ અસ્પૃશ્યતાના વિરોધી હતા. તેમણે સામાજિક દૂષણો સામે લડવા પતિત પાવન સંગઠન પણ શરૂ કર્યું હતું. 20 જુલાઈ,1910ના રોજ જહાજ મારફતે તેમને મુંબઈ લાવવામાં આવ્યા. સેંકડોની ભીડ તેમને જોવા ઊમટી પડી. પોલીસે તેમને યરવડા જેલ મોકલી દીધા. ત્યાંથી ડોંગરી જેલમાં મોકલ્યા હતા. સાવરકરે 1906માં 'અભિનવ ભારત' નામની ગુપ્ત ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કરી, જેનો ઉદ્દેશ બ્રિટિશ શાસન સામે સશસ્ત્ર ક્રાંતિ દ્વારા સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનો હતો. એ ઉપરાંત તેઓ લંડનમાં ફર્ગ્યુસન કોલેજમાંથી શિક્ષણ લેતી વખતે ઈન્ડિયા હાઉસમાં રહ્યા અને ત્યાંથી ક્રાંતિકારી ગતિવિધિઓને પ્રોત્સાહન આપ્યું. તેમણે યુવાનોને બ્રિટિશ વિરોધી ચળવળમાં જોડાવા પ્રેરિત કર્યા.સાવરકરે મદનલાલ ધિંગરાને પ્રભાવિત કર્યા, જેમણે 1909માં લંડનમાં બ્રિટિશ અધિકારી વિલિયમ કર્ઝન વાયલીની હત્યા કરી. 1910માં, નાસિકના કલેક્ટર એ.એમ.ટી. જેક્સનની હત્યાના કેસમાં સાવરકરને બ્રિટિશ સરકારે ધરપકડ કરીહતી. તેમને 1911માં બે આજીવન કારાવાસની સજા (50 વર્ષની 'કાળા પાણી'ની સજા) સંભળાવવામાં આવી. તેઓ અંદામાન અને નિકોબાર ટાપુઓની સેલ્યુલર જેલમાં રહ્યા, જ્યાં તેમણે અમાનવીય ત્રાસ સહન કર્યો હતો. આ દરમિયાન તેમણે જેલમાં પણ સાથી કેદીઓને રાષ્ટ્રવાદની ભાવના જાગૃત કરવાનું કામ ચાલુ રાખ્યું હતું. સાવરકરે 1923માં 'હિન્દુત્વ: હુ ઈઝ એ હિન્દુ?' નામનું પુસ્તક લખ્યું, જેમાં તેમણે 'હિન્દુત્વ'ને રાષ્ટ્રવાદી વિચારધારા તરીકે રજૂ કરી. તેમના મતે, હિન્દુત્વ એ ભારતીય સંસ્કૃતિ, ઈતિહાસ અને રાષ્ટ્રીય ઓળખનું પ્રતીક છે.તેમણે હિન્દુ સમાજને સંગઠિત કરવા અને ધાર્મિક-સામાજિક સુધારણા પર ભાર મૂક્યો. હતો. સાવરકરે અસ્પૃશ્યતા નાબૂદી, જાતિવાદનો વિરોધ અને હિન્દુ સમાજમાં એકતા માટે કામ કર્યું. તેમણે મહારાષ્ટ્રમાં 'પતિત પાવન મંદિર'ની સ્થાપના કરી, જે તમામ જાતિઓ માટે ખુલ્લું હતું, અને શુદ્ધિ આંદોલનને પ્રોત્સાહન આપ્યું. દેશની આઝાદીની લડાઈના મહત્વના નાયક કહેવામાં આવતા વિનાયક દામોદર સાવરકરે પોતાના અંતિમ સમયમાં દવાઓ લેવાનું બંધ કરી દીધું હતું.આ દવાઓ તેમની જીવતી રાખી શકતી હતી.આ ઉપરાંત તેમણે પાણી અને ખોરાક લેવાનું બંધ કરી દીધું હતું.એમના વિશે કહેવામાં આવે છે કે, તેમણે ઈચ્છા મૃત્યુ પસંદ કર્યું હતું.



**સાવરકરે 1923માં 'હિન્દુત્વ: હુ ઇઝ એ હિન્દુ?' નામનું પુસ્તક લખ્યું, જેમાં તેમણે 'હિન્દુત્વ'ને રાષ્ટ્રવાદી વિચારધારા તરીકે રજૂ કરી. તેમના મતે, હિન્દુત્વ એ ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ અને રાષ્ટ્રીય ઓળખનું પ્રતીક છે.તેમણે હિન્દુ સમાજને સંગઠિત કરવા અને ધાર્મિક-સામાજિક સુધારણા પર ભાર મૂક્યો હતો. સાવરકરે અસ્પૃશ્યતા નાબૂદી, જાતિવાદનો વિરોધ અને હિન્દુ સમાજમાં એકતા માટે કામ કર્યું. તેમણે મહારાષ્ટ્રમાં 'પતિત પાવન મંદિર'ની સ્થાપના કરી, જે તમામ જાતિઓ માટે ખુલ્લું હતું, અને શુદ્ધિ આંદોલનને પ્રોત્સાહન આપ્યું. દેશની આઝાદીની લડાઈના મહત્વના નાયક કહેવામાં આવતા વિનાયક દામોદર સાવરકરે પોતાના અંતિમ સમયમાં દવાઓ લેવાનું બંધ કરી દીધું હતું.આ દવાઓ તેમની જીવતી રાખી શકતી હતી.આ ઉપરાંત તેમણે પાણી અને ખોરાક લેવાનું બંધ કરી દીધું હતું.એમના વિશે કહેવામાં આવે છે કે, તેમણે ઈચ્છા મૃત્યુ પસંદ કર્યું હતું.**

### વલસાડમાં કાળજું કંપાવતી કરુણાંતિકા

# પતિ સાથેના ઝઘડામાં પરિણીતાએ 3 બાળકોને ફિનાઇલ પીવડાવી પોતે પણ ઝેર ગટગટાવ્યું....!

■ 9 મહિનાના બે જોડિયા બાળકો અને 3 વર્ષની દીકરીના કમકમાટીભર્યા મોત, માતાની હાલત અત્યંત ગંભીર



**વલસાડ**

વલસાડ જિલ્લાના ઉમરગામ વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને માનવતાને શર્મસાર કરતી કાળજું કંપાવતી ઘટના સામે આવી છે. અહીં એક ૨૨ વર્ષની પરિણીતાએ પારિવારિક ઝઘડા અને કલેશથી કંટાળીને પોતાના જ ૩ માસૂમ અને નિર્દોષ બાળકોને ફિનાઈલ (ઝેરી દવા) પીવડાવી દીધું હતું અને ત્યારબાદ પોતે પણ ઝેર પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ભયાનક ઘટનામાં ત્રણેય માસૂમ બાળકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે મહિલાની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

મળતી વિગતો મુજબ, ઉમરગામમાં રહેતા આ પરિવારમાં છેલ્લા કેટલાક સમયથી પતિ-પત્ની વચ્ચે ઉગ્ર વિવાદ ચાલી રહ્યો હતો. આ પારિવારિક કંકાસ એટલો વધી ગયો હતો કે ઘટનાના એક દિવસ અગાઉ પત્નીના કથિત આડા સંબંધોની શંકાને લઈને પતિ-પત્ની વચ્ચે ભારે માથાકૂટ અને હંગામો થયો હતો. આ રોજ-રોજના ઝઘડા અને માનસિક તણાવથી કંટાળીને માત્ર ૨૨ વર્ષની માતાએ આત્મઘાતી પગલું ભરવાનું નક્કી કર્યું હતું.

આ અંધાધૂંધ ગુસ્સા અને આક્રોશમાં મહિલા ભાન ભૂલી ગઈ હતી અને તેણે પોતાના જ ૯ મહિનાના બે જોડિયા બાળકો તેમજ ૩ વર્ષની માસૂમ દીકરીને જબરીપૂર્વક ફિનાઈલ પીવડાવી દીધું હતું. બાળકોને ઝેર આપ્યા બાદ તેણે પોતે પણ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘરમાં અચાનક બાળકોની ચીસાચીસ થતાં આસપાસના લોકો અને પરિવારજનો દોડી આવ્યા હતા અને તમામ લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ત્રણેય માસૂમ બાળકોએ દમ તોડી દીધો હતો, જ્યારે મહિલા હાલ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાતી ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી ગયો હતો.

પોલીસે ત્રણેય માસૂમ બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને સમગ્ર મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર વલસાડ જિલ્લામાં ભારે અરેરાટી સાથે શોકની લહેર વ્યાપી ગઈ છે અને લોકો પૂછી રહ્યા છે કે આખરે આ માસૂમ બાળકોનો શું વાંક હતો?

### અમરેલી-જૂનાગઢના માલધારીઓએ સરકાર સામે બાંય ચડાવી

# 'રાજભા ગઢવીને મંજૂરી આપી તો અમને કેમ નહીં?'

માલધારીઓએ રાજાશાહી વખતના પુરાવા રજૂ કર્યા હોવા છતાં વનવિભાગના આંખ આડા કાન

**અમરેલી/જૂનાગઢ**

ગીરના જંગલ વિસ્તારમાં માલઢોર ચરાવવાની મંજૂરી મેળવવા બાબતે અમરેલી અને જૂનાગઢ જિલ્લાના સ્થાનિક માલધારીઓએ હવે સરકાર અને વનવિભાગ સામે આરપારની લડાઈના મંડાણ કર્યા છે. લોકસાહિત્યકાર રાજભા ગઢવીના પશુઓને જંગલમાં ચરાવવાની મંજૂરી આપવામાં આવતા જ આ વિવાદ વધુ વકર્યો છે. સ્થાનિક માલધારીઓએ ઉગ્ર સવાલ ઉઠાવ્યો છે કે, 'જો રાજભા ગઢવીને જંગલમાં પશુ ચરાવવાની મંજૂરી મળી શકતી હોય, તો પેઢીઓથી અહીં રહેતા અમને કેમ નહીં?'

આ મામલે માલધારી સમાજ દ્વારા વનવિભાગ અને સરકાર સમક્ષ ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. પોતાની માંગના સમર્થનમાં માલધારીઓએ રાજાશાહી વખતના વર્ષો જૂના દસ્તાવેજો અને આધારભૂત પુરાવા પણ રજૂ કર્યા છે, જે સાબિત કરે છે કે તેમના પૂર્વજો પણ આ જંગલ વિસ્તારમાં પશુપાલન કરતા આવ્યા છે. જોકે, માલધારીઓનો આક્ષેપ છે કે આટલા પાકા પુરાવા હોવા છતાં વનવિભાગ દ્વારા જાણીજોઈને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

સ્થાનિક માલધારી આગેવાનોના જણાવ્યા અનુસાર, ગીરનું જંગલ અને માલધારીઓ એકબીજાના પૂરક છે. વર્ષોથી તેઓ સિંહ અને અન્ય વન્યજીવો સાથે સુમેળભર્યા વાતાવરણમાં રહે છે. પરંતુ વનવિભાગના પક્ષપાતી વલણ અને કડક નિયમોના કારણે તેમના પરંપરાગત અધિકારો છીનવાઈ રહ્યા છે.

એક તરફ સેલિબ્રિટી કે વગદાર લોકોને નિયમોમાં છૂટછાટ આપવામાં આવે છે, જ્યારે બીજી તરફ સામાન્ય માલધારીઓને પોતાના પશુઓના નિભાવ માટે ભટકવું પડી રહ્યું છે.

આ ઘટનાને પગલે સમગ્ર માલધારી સમાજમાં સરકાર અને વનવિભાગની નીતિઓ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જો આગામી દિવસોમાં આ ભેદભાવ બંધ કરી સ્થાનિકોને પણ ન્યાય આપવામાં નહીં આવે, તો માલધારી સંગઠનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### ગોધરાના મોહમ્મદી મહોલ્લામાં જનતા પરેશાન

# પીવાના પાણીમાં ગટરનું ગંદુ પાણી ભળતાં ભારે રોષ

**ગોધરા**

ગોધરા શહેરના નગરપાલિકા વોર્ડ નંબર ૭ માં આવેલા મોહમ્મદી મહોલ્લાના રહીશો છેલ્લા બે વર્ષથી પીવાના પાણીમાં ગટરનું દૂષિત પાણી ભળી જવાની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. છેલ્લા આઠ દિવસથી સ્થિતિ વધુ વણસી છે અને નળમાં સીધું ગંદુ પાણી આવી રહ્યું છે, જેના કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાનો ભય સેવાઈ રહ્યો છે.

સ્થાનિકો આ પાણીનો ઉપયોગ કરી શકતા નથી અને બોરની સુવિધા ન હોવાથી ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. રહીશોનો આક્ષેપ છે કે નગરપાલિકાના કર્મચારીઓ માત્ર કામચલાઉ ખાડા ખોદીને જતા રહે છે, પરંતુ કોઈ કાયમી ઉકેલ લાવતા નથી. સ્થાનિક રહીશ ઈલ્યાસભાઈના જણાવ્યા મુજબ, રહીશોએ પાલિકામાં અનેક રજૂઆતો કરીને જૂની પાઈપ લાઈન રદ કરી તદ્દન નવી પાઈપલાઈન નાખવાની માંગ કરી છે જેથી આ સમસ્યાનો કાયમી અંત આવી શકે.



### નિયમોના ધજાગરા ઉડાવતી ટ્રકોને કોંગ્રેસે રોકી

# બેફામ દોડતી રેતીની ટ્રકો સામે કોંગ્રેસ લાલઘૂમ, ઉગ્ર વિરોધ પ્રદર્શન

"શહેરમાંથી તમામ નિયમોનો ભંગ કરીને રાત-દિવસ ભારે વાહનો પસાર થઈ રહ્યા છે, સ્થાનિક તંત્ર બધું જાણવા છતાં આંખ આડા કાન કરી રહ્યું છે" : કોંગ્રેસ

**દેવગઢ બારિયા, જાબીર શુક્લા**

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા નગરમાંથી પસાર થતા ભારે વાહનો અને ઓવરલોડેડ રેતી ભરેલી ટ્રકો સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જનતાની આ હાલાકીને વાચા આપવા માટે આજે દેવગઢ બારિયા કોંગ્રેસ સમિતિ દ્વારા તંત્ર સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

દેવગઢ બારીઆ કોંગ્રેસ તાલુકા પ્રમુખ ઈશ્વરભાઈ વાખળા તથા તેમની ટીમ દ્વારા મોટી સંખ્યામાં કાર્યકરો સાથે મળીને નગરમાંથી બેફામ રીતે પસાર થતી રેતીની ટ્રકોને અધવચ્ચે જ ઉભી રાખી દીધી હતી. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ એકઠા થઈને સ્થાનિક વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા અને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

'શહેરમાંથી તમામ નિયમોનો ભંગ કરીને રાત-દિવસ ભારે વાહનો પસાર થઈ રહ્યા છે. સ્થાનિક તંત્ર બધું જાણવા છતાં આંખ આડા કાન કરી રહ્યું છે.'

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેફામ દોડતા ડમ્પરો અને ટ્રકોના કારણે સામાન્ય નાગરિકો, રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ધૂળની ડમરીઓ અને ટ્રાફિક જામની સમસ્યા તો ઠીક, પરંતુ ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાય તેવી ભયાનક સ્થિતિ ઉભી થઈ છે. સ્થાનિક તંત્રની આ ઘોર બેદરકારી સામે હવે કોંગ્રેસ લાલઘૂમ થઈ છે. વિરોધ પ્રદર્શન દરમિયાન જ કોંગ્રેસની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે દાહોદ ખાણ ખનીજ વિભાગ તેમજ સ્થાનિક ખાણ ખનીજ કચેરીના અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. કોંગ્રેસે માંગ કરી છે કે આ ગેરકાયદેસર અને નિયમ વિરુદ્ધ દોડતી ટ્રકો સામે તાત્કાલિક અને કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. તાલુકા પ્રમુખે ચીમકી ઉચ્ચારતા જણાવ્યું છે કે, જો આગામી દિવસોમાં આ બેફામ દોડતી રેતીની ટ્રકો સામે યોગ્ય પગલાં ભરવામાં નહીં આવે, તો આગામી સમયમાં કોંગ્રેસ પક્ષ દ્વારા આનાથી પણ વધુ ઉગ્ર આંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

### અંકલેશ્વરના સારંગપુરની સોનલ પાર્ક સોસાયટીમાંથી

# દેશી બનાવટના તમંચા સાથે ત્રણ ઇસમોની ધરપકડ કરતી એલસીબી

**અંકલેશ્વર, જયેશ પ્રજાપતિ**

અંકલેશ્વર તાલુકા ના સારંગપુર ગામની સોનલ પાર્ક સોસાયટીમાંથી ભરૂચ એલસીબી ની ટીમે દેશી બનાવટના તમંચા સાથે ત્રણ ઈસમોની ધરપકડ કરી એક દેશી બનાવટ નો તમંચો અને ત્રણ મોબાઈલ મળી રૂ 20 હજાર ઉપરાંત નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે ભરૂચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન માહિતી મળી કે અંકલેશ્વરના સારંગપુર ગામની સોનલ પાર્ક સોસાયટીમાં ભાડેથી રહેતો અને મૂળ બિહાર નો ગૌરવકુમાર પ્રદીપ મંડલ પોતાના મકાનમાં દેશી બનાવટનો



તમંચો સંતાડી રાખે છે.જે મળેલી માહિતીના આધારે એલસીબી પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે પલંગના ધાબળા નીચે સંતાડેલ દેશી બનાવટ નો એક તમંચો મળી આવ્યો હતો.પોલીસે 1 તમંચો અને ત્રણ મોબાઈલ ફોન મળી રૂ 20 હજાર થી વધુ નો કબ્જે કર્યો હતો .એલસીબી પોલીસે સ્થળ પરથી ગૌરવકુમાર પ્રદીપ મંડલ ,સિકંદરકુમાર પ્રેમલાલ મંડલ અને શિવમ સિંગ રવીકાન્ત સિંગની ધરપકડ કરી હતી .જ્યારે હથિયાર અંગે પૂછપરછ કરતા તેઓ લક્ષ્મણ નગરમાં રહેતો પ્રભુ મંડલ પાસેથી ભેગા મળી ખરીદી કરી હોવા સાથે ગ્રાહક શોધી વેચાણ કરવાની તૈયારીમાં હોવાની કબૂલાત કરી હતી.એલસીબી પોલીસે આ અંગે જીઆઈડીસી પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

### ડભોઇમાં અસહ્ય ગરમી વચ્ચે ઝાડા-ઊલટીનો ભય

# તંત્ર એક્શન મોડમાં : 30 ટીમો દ્વારા પાણીના નમૂના લેવાયા

**ડભોઇ, ફકીરા ખત્રી**

ડભોઇ નગરમાં છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલી કાળઝાળ અને અસહ્ય ગરમીના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. આ કાળઝાળ ગરમી વચ્ચે નગરમાં ઝાડા-ઊલટીના કેસો સામે આવતા જ સ્થાનિક વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું છે. ઉનાળાની સીઝન અને આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને નગરમાં કોઈ મોટો રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે તકેદારીના પગલાં ભરવામાં આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ, ડભોઇના નીચે દર્શાવેલા નીચાણવાળા અને ગીચ વિસ્તારોમાંથી ઝાડા-ઊલટીના કેસ પ્રકાશમાં આવ્યા છે: દયારામ નગર પાછળનો વિસ્તાર, નવીનગરી આંબાવાડી કડિયાવાર વિસ્તાર, ભીલ વાગા વિસ્તાર. આરોગ્ય વિભાગની કામગીરી: ૩૦ ટીમો મેદાને રોગચાળાની ગંભીરતાને



ધ્યાનમાં રાખીને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ તાલુકા હેલ્થ અધિકારી શ્રી ડૉ. જીતેન અને અર્બનના ડૉ. રંગેશ તેમજ સુપરવાઈઝર અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ તાત્કાલિક અસરથી ૩૦ જેટલી ટીમો બનાવવામાં આવી છે. આ ટીમોએ અસરગ્રસ્ત વિસ્તારો સહિત નગરના અલગ-અલગ ભાગોમાં સઘન સર્વેક્ષણ હાથ ધર્યું છે. તંત્રની મોટી કાર્યવાહી: આરોગ્ય ટીમો દ્વારા નગરમાંથી પાણીના નમૂના (વોટર સેમ્પલ) મેળવીને તેને ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. સર્વે દરમિયાન નગરમાં ૮ સ્થળોએ પાણીની પાઈપલાઈનમાં લીકેજ મળી આવ્યું હતું, જે અંગે તાત્કાલિક નગરપાલિકાને જાણ કરી સમારકામની કામગીરી શરૂ કરાવી દેવામાં આવી છે. રાહતની વાત એ છે કે, આરોગ્ય વિભાગના આ સઘન સર્વેક્ષણ અને ત્વરિત કાર્યવાહી બાદ હાલ સુધી નગરમાં ઝાડા-ઊલટીનો કોઈ નવો કેસ નોંધાયો નથી, જેને પગલે તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. આરોગ્ય વિભાગ દ્વારા સ્થાનિક રહીશોને ઉકાળેલું પાણી પીવા અને ગરમીમાં સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

### ડભોઈ સાર્વજનિક પાંજરાપોળનો વહીવટ કથળ્યો

# કતલખાનેથી બચાવેલા 15 પશુઓને આશ્રય ન મળતા ભારે આક્રોશ વ્યાપ્યો

**ભરૂચથી લવાયેલા પશુઓને રાખવાનો ઇનકાર કરાતા જીવદયા પ્રેમીઓ નિરાશ**

**ડભોઈ, ફકીરા ખત્રી**

ડભોઈની ઐતિહાસિક અને સૌથી મોટી સાર્વજનિક પાંજરાપોળનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી અત્યંત કથળેલી સ્થિતિમાં પહોંચી ગયો છે. તાજેતરમાં જ ભરૂચ જિલ્લામાંથી જીવદયા પ્રેમીઓ કતલખાને જતા ૧૫ જેટલા મૂંગા પશુઓને આબાદ બચાવીને, ૬૦ કિલોમીટર દૂર ડભોઈ પાંજરાપોળ ખાતે લાવ્યા હતા. પરંતુ, પાંજરાપોળના સત્તાધીશો દ્વારા આ પશુઓ સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવતા જીવદયા પ્રેમીઓમાં ભારે નારાજગી અને આક્રોશ ફાટી નીકળ્યો છે. કતલખાનેથી મહામુશ્કેલીએ બચેલા આ મૂંગા પશુઓને હવે ક્યાં રાખવા, તે મોટો પ્રશ્ન ઊભો થયો છે.

આ સમગ્ર અવ્યવસ્થા પાછળ વહીવટી તકરાર જવાબદાર હોવાનું સામે આવ્યું છે. સંયુક્ત ચેરિટી કમિશનરમાં છેલ્લા ૫-૫ વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે



અને માત્ર વચગાળાના હુકમ (ઈન્ટરિમ ઓર્ડર) પર જ પાંજરાપોળનો વહીવટ ધકેલાઈ રહ્યો છે. હજુ સુધી કોઈ કાયમી કે નવા ટ્રસ્ટી મંડળની નિમણૂક કરવામાં આવી નથી. વહીવટી ગૂંચને કારણે અહીં કામ કરતા કર્મચારીઓના પગાર પણ લાંબા સમયથી વધ્યા નથી, જેના લીધે હવે નવા માણસો કામ કરવા તૈયાર નથી. સ્ટાફની તીવ્ર તંગીના બહાને નવા પશુઓને રાખવાની ના પાડવામાં આવી રહી છે, જે પશુઓની સારસંભાળ સામે મોટું સંકટ દર્શાવે છે. જીવદયા પ્રેમીઓ અને સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે કે ચેરિટી કમિશનર દ્વારા તાકીદે નવા ટ્રસ્ટી મંડળની નિમણૂક કરવામાં આવે જેથી કર્મચારીઓના પ્રશ્નો ઉકેલાય. આ વિકટ પરિસ્થિતિમાં મૂંગા પશુઓ ફરી કતલખાને ન ધકેલાય તે માટે અન્ય ગાય પ્રેમીઓ અને સામાજિક સંસ્થાઓ તાત્કાલિક આગળ આવે તેવી લોક માંગ ઉઠી છે.

### ડિજિટલ ઈન્ડિયા તરફ કદમ

# દાહોદ જીલ્લા પંચાલ સમાજની સત્તાવાર વેબસાઇટનું ભવ્ય લોન્ચિંગ

**દાહોદ**

આજના આધુનિક યુગ સાથે કદમ મિલાવવા દાહોદ જીલ્લા પંચાલ સમાજ દ્વારા એક સરાહનીય અને ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. સમાજના પરિવારોને વૈશ્વિક સ્તરે એક તાંતણે બાંધવા માટે 'દાહોદ જીલ્લા પંચાલ સમાજ' ની સત્તાવાર વેબસાઈટનું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું છે. ઝાલોદ સ્થિત વિશ્વકર્મા મંદિરે, પંચાલ સમાજ પ્રગતિ મંડળના નેજા હેઠળ યોજાયેલા એક ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં સમાજના વડીલો અને યુવા સંગઠનની ઉપસ્થિતિમાં આ ડિજિટલ પ્લેટફોર્મ ખુલ્લું મૂકાયું હતું. આ વેબસાઈટ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય ભૌગોલિક અંતર મિટાવીને સમાજની વહીવટી પ્રક્રિયાઓને પારદર્શક બનાવવાનો અને માહિતી ઝડપથી પહોંચાડવાનો છે. હવે માત્ર એક ક્લિક પર સમાજની તમામ ગતિવિધિઓ ઉપલબ્ધ બનશે.

ડિજિટલ ડિરેક્ટરી: ઓનલાઈન ફોર્મ દ્વારા સચોટ વસ્તી ગણતરી તૈયાર થશે.

મેટ્રિમોનિયલ સેવાઓ: યુવક-યુવતીઓ માટે ઓનલાઈન બાયોડેટાથી જીવનસાથીની પસંદગી સરળ બનશે.

શૈક્ષણિક માર્ગદર્શન: વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપ અને રોજગારલક્ષી માહિતી શેર કરાશે.

સામાજિક કેલેન્ડર: સમાજની મિટિંગો, નિર્ણયો અને સુખ-દુઃખના સમાચાર ત્વરિત પહોંચશે. પંચાલ સમાજ પ્રગતિ મંડળના મીડિયા કન્વીનર શ્રી કૌશિકભાઈ પંચાલે ડિજિટલ ટીમને અભિનંદન આપતા જણાવ્યું કે, ટેકનોલોજીના માધ્યમથી સમાજને જોડવો એ સમયની માંગ છે અને આનાથી તમામ સુવિધાઓ આંગળીના ટેરવે મળશે.

### ડ્રોન કેમેરાથી રખાશે ચાંપતી નજર

# બકરી ઈદ નિમિત્તે ગોધરામાં પોલીસનું સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ફુટ પેટ્રોલિંગ

**આ ઉપરાંત સોશિયલ મીડિયા પર કોઈ અફવા કે ઉશ્કેરણીજનક પોસ્ટ ન ફેલાય તે માટે સાયબર ક્રાઈમની ટીમ પણ સતત મોનિટરિંગ કરી રહી છે**

**ગોધરા**

ગોધરા શહેરમાં આગામી બકરી ઈદના તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પંચમહાલ પોલીસ દ્વારા સઘન ફુટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા પોલીસ વડા ડૉ. હરેશભાઈ દુધાતના માર્ગદર્શન હેઠળ ૨૫ મેના રોજ યોજાયેલા આ પેટ્રોલિંગમાં એલ.સી.બી., એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસ સ્ટેશનના જવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. પોલીસે શહેરના સંવેદનશીલ અને ભીડભાડવાળા વિસ્તારોમાં પગપાળા ફરીને અસામાજિક તત્વો પર નજર રાખી હતી.

સુરક્ષા વ્યવસ્થાને વધુ ચુસ્ત બનાવવા માટે ડ્રોન કેમેરાની મદદથી ધાર્મિક અને જાહેર સ્થળો પર ચાંપતી નજર રાખવામાં



આવી રહી છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર કોઈ અફવા કે ઉશ્કેરણીજનક પોસ્ટ ન ફેલાય તે માટે સાયબર ક્રાઈમની ટીમ પણ સતત મોનિટરિંગ કરી રહી છે. જિલ્લા પોલીસ વડાએ નાગરિકોને કાયદાનું પાલન કરવા અને બકરી ઈદનો તહેવાર પરસ્પર ભાઈચારા તથા શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવવા અપીલ કરી છે.



## કરિશ્મા કપૂરની વેબ સીરિઝનું ટ્રેલર રીલિઝ થયુ

# OTT પ્લેટફોર્મ પર કરિશ્માએ કર્યો ધમાકેદાર ડેબ્યૂ,પોલીસ ઓફિસરના રોલમાં જોવા મળશે

મુંબઈ

૧૦ના દાયકાની બ્યૂટીફૂલ એક્ટ્રેસ કરિશ્મા કપૂર એક લાંબા બ્રેક બાદ ઓટીટી પ્લેટફોર્મ પર આવી રહી છે. આ વેબસીરિઝમાં એનો એક અલગ અંદાજ જોવા મળશે. આ વેબ સીરિઝમાં તે એક પોલીસ ઓફિસરનું પાત્ર પ્લે કરી રહી છે. ક્રાઈમ, થ્રિલર અને ડ્રામાથી ભરપૂર આ સીરિઝમાં સ્ટોરી જૂની છે પણ પ્લોટ નવા છે. 'અભય' વેબ સીરિઝમાં જે રીતે કુણાલ ખેમું કોઈ સીરિલય કિલર સુધી પહોંચવા માટે ચક્રવ્યૂહ પાર કરે છે એ જ રીતે કરિશ્મા અહીં સીરિયલ કિલરને શોધવા માટે પ્રયાસ કરે છે.

ટ્રેલર સામે આવ્યું આ વેબ સીરિઝનું ટ્રેલર રીલિઝ થઈ ચૂક્યું છે. આ ટ્રેલર જોઈને લોકો એવી પણ કોમેન્ટ કરી રહ્યા છે કે, જૂના ખેલાડી ફરી મેદાને આવી રહ્યા છે. આ પહેલા માધુરી દીક્ષિતની 'દેશપાંડે' સીરિઝ આવી હતી. ઓટીટી પ્લેટફોર્મ પર જૂના કલાકારો એક નવા અવતાર સાથે કમબેક કરી રહ્યા છે. આ યાદીમાં હવે કરિશ્માનું નામ પણ ઉમેરાયું છે. આ સીરિઝનું નામ 'બ્રાઉન' રાખવામાં આવ્યું છે. આ વેબ સીરિઝનું ટ્રેલર સામે આવતા દર્શકોને આ સીરિઝમાં શું થશે એની પ્રતીક્ષાની ઘડીઓ વધી ગઈ છે. આ સીરિઝમાં કરિશ્માનો એક અલગ અંદાજ જોવા મળશે. ઝી5 પર આ સીરિઝ સ્ટ્રિમ થવાની છે. પોલીસ ઓફિસરના રોલમાં કરિશ્માનો એક અલગ અંદાજ જોવા મળશે. અત્યાર સુધીના એના રોલ કરતા આ રોલ સૌથી અલગ માનવામાં આવે છે. ટ્રેલર જોયા પછી એટલું કહી શકાય કે,આ કહાની કોઈ સાધારણ સ્ટોરી નથી. કૉલકાતા સિટીની ક્રાઈમ સ્ટોરી આ સ્ટોરીમાં ઈમોશનની સાથે કેટલાક સાયક્લોજિકલ મુદ્દાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્ટોરી કૉલકાતા સિટીથી શરૂ થાય છે. કરિશ્મા કપૂર એક ઉચ્ચ પોલીસ અધિકારી છે. કૉલકાતા પોલીસ ફોર્સમાં સામેલ થયા બાદ એક સીરિયલ કિલર સુધી પહોંચવા માટે જે નેટવર્ક પર કામ કરે છે એના પર સ્ટોરી આગળ વધે છે. બદનામ પોલીસ ઓફિસર અને એના જૂનિયર મહિલાઓને ટાર્ગેટ કરતા કિલરની તપાસ આગળ વધે છે. જેને લીડ કરિશ્મા કરે છે. સ્ટોરીમાં થ્રિલ અને ઈમોશન બન્ને છે. એક્ટિંગનો એક નવો અનુભવ કરિશ્માને થયો પણ જે રીતે એનું પાત્ર લખાયું છે એ ભજવવામાં તે સફળ થઈ છે એવું હાલ તો ટ્રેલર પરથી કહી શકાય. કરિશ્માના ફિલ્મ કેરિયરનો આ એક મોટો વળાંક માનવામાં આવે છે. સ્ટ્રગલર અને એકદમ મેચ્યોર ગર્લ તરીકે એનું પાત્ર ખાખીમાં અલગ તરી આવે છે. કંઈક નવીન જ સસ્પેન્સ કથા ટ્રેલર જોયા બાદ એટલું કહી શકાય કે,ક્રાઈમ થ્રિલર સીરિઝમાં કરિશ્માની આ જાદુઈ એન્ટ્રી સમાન છે. સમગ્ર સીરિઝ અભિનય દેવે તૈયાર કરી છે.

**આ વેબ સીરિઝ ક્રાઈમ થ્રિલરની સાથે એક અલગ કહાની પીરસી જશે એ નક્કી છે.**

# દીપિકા મુદ્દે વિવાદ વધતા ઈમ્તિયાઝ અલીએ માંગી માફી

## બોલિવૂડની સુપરસ્ટાર અભિનેત્રી દીપિકા પાદુકોણ તેના દમદાર અભિનય અને અદભુત ફિલ્મી સફર માટે જાણીતી છે.

મુંબઈ

બોલિવૂડની સુપરસ્ટાર અભિનેત્રી દીપિકા પાદુકોણ તેના દમદાર અભિનય અને અદભુત ફિલ્મી સફર માટે જાણીતી છે. તાજેતરમાં જ પ્રખ્યાત ફિલ્મ નિર્માતા ઈમ્તિયાઝ અલીએ દીપિકા પાદુકોણ અંગે એક ઈન્ટરવ્યુમાં આપેલા નિવેદન બાદ સોશિયલ મીડિયા પર મોટો વિવાદ ઊભો થયો હતો. આ મામલો વધુ ચગે તે પહેલાં જ ફિલ્મ નિર્માતાએ સત્તાવાર સ્પષ્ટતા જારી કરીને અભિનેત્રીની માફી માંગી લીધી છે. ઈમ્તિયાઝ અલીએ સોશિયલ મીડિયા પર આપી સ્પષ્ટતા વિવાદ વધતા જ ઈમ્તિયાઝ અલીએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક ખાસ પોસ્ટ શેર કરી હતી. તેમણે ઈન્ટરવ્યુનો એ વીડિયો ફરીથી શેર કરતા લખ્યું કે, "મારી પ્રિય દીપિકા, તું મારી ખૂબ જ નજીકની મિત્ર છે. મને પૂરો વિશ્વાસ છે કે તું મને ક્યારેય ગેરસમજ નહીં કરે, કારણ કે હું તને બીજા કોઈ કરતાં વધુ સારી રીતે ઓળખું છું. તેમ છતાં, જો તને ખોટું લાગ્યું હોય તો મારો ઈરાદો તને દુઃખ પહોંચાડવાનો બિલકુલ નહોતો. આ જીવનમાં મારા દ્વારા તને ઠેસ પહોંચે તે ક્યારેય શક્ય નથી." તેમણે સ્પષ્ટ કર્યું કે આ નિવેદન માત્ર એક હળવાશભરી ક્ષણમાં મજાક તરીકે આપવામાં આવ્યું હતું. વાસ્તવમાં, એક ઈન્ટરવ્યુ દરમિયાન ઈમ્તિયાઝ અલીને પૂછવામાં આવ્યું હતું કે હિટ ફિલ્મ 'કોકટેલ' માં 'વેરોનિકા' ના બોલ્ડ પાત્ર માટે તેમણે દીપિકા પાદુકોણની પસંદગી કેમ કરી હતી? આ સવાલના જવાબમાં ઈમ્તિયાઝે જૂની યાદો તાજી કરતા કહ્યું હતું કે, શરૂઆતમાં દીપિકાને 'મીરા' ના પાત્ર માટે ઓડિશન આપવા જણાવાયું હતું, જે રોલ બાદમાં ડાયના પેન્ટીએ ભજવ્યો હતો. ઈમ્તિયાઝે ઉમેર્યું કે તેમણે કેટલીક પ્રાઈવેટ પાર્ટીઓમાં દીપિકાની બેદરકાર અને મુક્ત શૈલી (બિન્દાસ અંદાજ) જોઈ હતી. તે સમયે ઈન્ડસ્ટ્રીમાં દીપિકાની છબી એક સીધી-સાદી 'ગુડ ગર્લ' તરીકેની હતી. ઈમ્તિયાઝના મતે, દીપિકાની એ પરંપરાગત ઈમેજને તોડવા માટે જ તેને વેરોનિકાનું ગ્લેમરસ પાત્ર આપવામાં આવ્યું હતું. જોકે, આ નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થતાં લોકોએ તેને ખોટી રીતે રજૂ કરવાનું શરૂ કર્યું હતું, જેના કારણે ડિરેક્ટરે સામેથી આવીને આ મામલે પૂર્ણવિરામ મૂક્યું છે.





# પ્રખ્યાત બંગાળી ડિરેક્ટરનું રહસ્યમય મોત: અનિક દત્તા પોતાના ઘરની છત પરથી પટકાયા

## ડિરેક્ટરના નિધનના સમાચાર મળ્યા બાદ શ્રીલેખા મિત્રા અને રુદ્રનીલ ઘોષ સહિત બંગાળી સિનેમાના અનેક કલાકારો હૉસ્પિટલ પહોંચ્યા હતા

મુંબઈ

બંગાળી ફિલ્મ નિર્માતા અનિક દત્તાનું બુધવારે કોલકાતામાં રહસ્યમય રીતે નિધન થયું. પોલીસના જણાવ્યા અનુસાર, તેઓ દક્ષિણ કોલકાતામાં તેમના બહુમાળી ઘરની છત પરથી નીચે પડી ગયા હતા. તેમને તાત્કાલિક ઢાકુરિયા નજીકની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના બાદ કોલકાતા પોલીસની એક ટીમે મામલાની તપાસ શરૂ કરી દીધી છે. ડિરેક્ટરના નિધનના સમાચાર મળ્યા બાદ શ્રીલેખા મિત્રા અને રુદ્રનીલ ઘોષ સહિત બંગાળી સિનેમાના અનેક કલાકારો હૉસ્પિટલ પહોંચ્યા હતા. છત પરથી પડ્યા પછી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર, પોલીસે એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, 'અનિક દત્તા પોતાના ઘરની છત પરથી શંકાસ્પદ સંજોગોમાં પડી ગયા હતા.' જોકે, હજુ સુધી તેમના પરિવાર તરફથી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પોલીસ ઘટનાસ્થળે પહોંચીને ઝીણવટભરી તપાસ કરી રહી છે. તેમના આ રીતે અચાનક અવસાનથી બંગાળી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો આશ્ચર્યચકિત છે. એક્ટ્રેસ શ્રીલેખા મિત્રા, રુદ્રનીલ ઘોષ અને અરિંદમ સિલ હૉસ્પિટલની બહાર જોવા મળ્યા, જેઓ ડિરેક્ટરને અંતિમ વિદાય આપવા પહોંચ્યા હતા. 'ભૂતેર ભવિષ્યત'થી મળી હતી ઓળખ અનિક દત્તાને વર્ષ 2012માં રિલીઝ થયેલી હોરર-કોમેડી ફિલ્મ 'ભૂતેર ભવિષ્યત'થી સિનેમા જગતમાં મોટી ઓળખ મળી હતી. આ ફિલ્મમાં હોરર વાર્તાની સાથે રાજકીય અને સામાજિક વ્યવસ્થા પર કડક કટાક્ષ કરવામાં આવ્યો હતો. બંગાળી સિનેમામાં આ ફિલ્મને એક સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. આ ફિલ્મમાં સ્વાસ્તિકા મુખર્જી, પરાશ બંદોપાધ્યાય, સબ્યસાચી ચક્રવર્તી, પરમબ્રત ચેટર્જી અને શાશ્વત ચેટર્જી જેવા કલાકારોએ મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. આ પછી તેમણે 'આશ્ચર્ય પ્રદીપ' અને 'મેઘનાદ વધ રહસ્ય' જેવી ફિલ્મોનું ડિરેક્શન પણ કર્યું હતું.





# વિપુલ શાહ સાથે અક્ષય હોલિવૂડ સ્તરની એલિયન ફિલ્મ સમુક કરશે

મુંબઈ

અક્ષય કુમાર એક મોટા સ્તરની સાઈ ફાઈ ફિલ્મ 'સમુક' કરવા જઈ રહ્યો છે, જે કનિષ્ક વર્મા દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે અને વિપુલ અમ્રુતલાલ શાહ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. આ ફિલ્મને એક બહુ મહત્વાકાંક્ષી એલિયન સર્વાઈવલ થ્રિલર તરીકે રજૂ કરવામાં આવી રહી છે, જેનું શૂટ ટૂંક સમયમાં જ શરૂ થઈ શકે છે. આ ફિલ્મથી અક્ષય કુમાર ફરી એક વખત સંપુર્ણ એક્શન અવતારમાં પાછો ફરશે અને આ ફિલ્મમાં પરગ્રહ વાસીઓથી માનજાતને બચી રહેવું, હોરર, મિલિટરીનું મિશ્રણ જેવી બાબતો સાથેની એક એલિયન થ્રિલર સ્ટોરી જોવા મળશે. આ ફિલ્મની મહત્વની વાત એ છે કે રામાયણ પછી આ ફિલ્મ સાથે પણ મોટી સંખ્યામાં હોલિવૂડના ટેક્નિશીયન્સની ટીમ જોડાઈ રહી છે. તેથી આ ફિલ્મમાં પણ દર્શકોને હોલિવૂડની કેટલીક ફ્રેન્ચાઈઝી ફિલ્મ જેવો અનુભવ મળી શકે. આ ફિલ્મ અંગે વાત કરતા વિપુલ શાહે જણાવ્યું છે કે, "અમે હંમેશા અમારી જાતને અલગ અલગ જોનરની ફિલ્મ સાથે પડકારવાની કોશિશ કરીએ છીએ અને સમુક એક એવી ફિલ્મ હશે, જે પ્રકારનો પ્રયત્ન ઈન્ડિયન સિનેમાએ આ પહેલાં ક્યારેય કર્યો નથી. અમારો હેતુ ભારતીય દર્શકોને એક વર્લ્ડ ક્લાસ એલિયન થ્રિલર આપવાનો છે." જ્યારે ઈનસાઈડ એજ અને સનક જેવી ફિલ્મો માટે જાણીતા ડિરેક્ટર કનિશ્ક વર્માએ આ પ્રકારની ફિલ્મનો વિચાર કઈ રીતે ઉદ્ભવ્યો અને તેના પર કઈ રીતે કામ આગળ વધ્યું તે વિશે વાત કરતા કહ્યું, "સમુકનો ઉદ્ભવ મારા એસપીજી વર્લ્ડ અને એલિયન અને પ્રીડેટર્સ જેવી સર્વાઈવલ થ્રિલર માટેના પ્રેમમાંથી થયો છે. આ પ્રકારની દુનિયાની અસરમાંથી અક્ષય સર સાથે કામ કરવું એ મારા માટે એક સપના જેવો અનુભવ રહ્યો છે. હું ઈચ્છતો હતો કે આ એલિયન પ્રકારનું જંતુ સેટ પર વાસ્તવિક લાગે. જુના જમાનાની ટેક્ટાઈલ હોરર ફિલ્મોએ એલિયનને આજે પણ મજા આવે એવા બનાવી દીધાં છે." આ ફિલ્મ સાથે હોવિવૂડનાં જાણીતા ક્રિચર ઈફેક્ટ ડિઝાઈનર એલેક ગિલિઝ પણ જોડાયા છે, જેમણે આ પહેલાં એલિયન અને પ્રીડેટર્સ ફ્રેન્ચાઈઝી માટે પણ કામ કર્યું છે સાથે જ તેઓ સ્ટાર્સશિપ ટ્રુપર્સ, ઈટ અને ટ્રેમર્સ જેવી ફિલ્મમાં પણ કામ કરી ચુક્યા છે. ગિલિઝ આ પહેલાં સ્ટેન વિનસ્ટન જેવા ફિલ્મ મેકર્સ સાથે કામ કરી ચુક્યા છે, ત્યારે તેમના આ ફિલ્મમાં જોડાવાથી ફિલ્મ માટેનો ઉત્સાહ અને ઉત્સુકતા વધી ગયા છે. તેમણે આ બોલિવૂડ ફિલ્મમાં કામ કરવાના અનુભવ વિશે જણાવ્યું, "કનિષ્ક સાથે કામ કરવામાં ખરેખર બહુ મજા આવી છે, કારણ કે એને વાસ્તવિક ક્રિચર ફિલ્મ મેકીંગ બહુ જ ગમે છે. અમારો હેતુ એક એવું ક્રિચર બનાવવાનો છે, જે એલિયન કે પ્રીડેટર જેવું નથી અને દુનિયાએ આજ સુધી એવું કશું જોયું નથી.

# બોક્સ ઓફિસ પર મોહનલાલનો દબદબો, 'દ્રશ્યમ 3' એ 6 દિવસમાં વર્લ્ડવાઈડ કમાણીમાં તોડ્યો રેકોર્ડ

મુંબઈ/અમદાવાદ

સાઉથ સિનેમાના સુપરસ્ટાર મોહનલાલ સ્ટારર મોસ્ટ અવેટેડ સસ્પેન્સ થ્રિલર ફિલ્મ 'દ્રશ્યમ 3' (Drishyam 3) હાલમાં સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહી છે. ડિરેક્ટર જીતુ જોસેફના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર અટકવાનું નામ નથી લઈ રહી. મલયાલમ સિનેમાની બીજી સૌથી મોટી ઓપનિંગ મેળવ્યા બાદ, આ ફિલ્મે વીકએન્ડ અને હવે વીકડેઝમાં પણ પોતાની પકડ મજબૂત બનાવી રાખી છે. રિલીઝના છઠ્ઠા દિવસે કેટલી કમાણી કરી? બોક્સ ઓફિસ પર મોહનલાલની વાપસી દર્શકોને ખુબ જ પસંદ આવી રહી છે. રિપોર્ટ અનુસાર, ફિલ્મે વીકડેઝમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું છેય 6ઠ્ઠા દિવસના કલેક્શનની વાત કરવામાં આવે તો, આ ફિલ્મે રિલીઝના છઠ્ઠા દિવસે આશરે 6.45 કરોડસ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે 'દ્રશ્યમ 3'નું ભારતીય બોક્સ ઓફિસ પર 6 દિવસનું કુલ કલેક્શન 68.60 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

'દ્રશ્યમ 3'ની ભારતમાં કુલ કમાણી કેટલી થઈ? 'દ્રશ્યમ 3' ની ડે-વાઈઝ બોક્સ ઓફિસ સફરની વાત કરવામાં આવે તો, ઓપનિંગ ડેમાં રૂપિયા 15.85 કરોડ, બીજા દિવસે રૂપિયા 11.05 કરોડ. ત્રીજા દિવસે 13.70 કરોડ રૂપિયા, ચોથા દિવસે 13.85 કરોડ રૂપિયા, પાંચમાં દિવસે 07.70 કરોડ રૂપિયા, છઠ્ઠા દિવસે 06.45 કરોડ રૂપિયાની કમાણી થઈ છે. 'દ્રશ્યમ 3' ફિલ્મનું કુલ કલેક્શન 68.60 કરોડ રૂપિયાની પાર પહોંચી ગયું છે. વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર બનાવ્યો મોટો રેકોર્ડ

'દ્રશ્યમ 3' ને ભારત ઉપરાંત વિદેશમાં પણ અભૂતપૂર્વ રિસ્પોન્સ મળી રહ્યો છે. 6 દિવસમાં ફિલ્મનું ઓવરસીઝ કલેક્શન રૂપિયા 84.70 કરોડ થઈ ગયું છે, જેના કારણે ફિલ્મનું વર્લ્ડવાઈડ કુલ કલેક્શન 164.32 કરોડ રૂપિયાને પાર પહોંચી ગયું છે. આ ધમાકેદાર કમાણી સાથે 'દ્રશ્યમ 3' એ પૃથ્વીરાજ સુકુમારનની બ્લોકબસ્ટર ફિલ્મ 'Aadujeevitham: The Goat Life' ના 160.08 કરોડના લાઈફટાઈમ કલેક્શનના રેકોર્ડને પછાડી દીધો છે. આ સાથે જ તે દુનિયાભરમાં સૌથી વધુ કમાણી કરનારી 7મી ઓલ-ટાઈમ મલયાલમ ફિલ્મ બની ગઈ છે.



પાક્કો ગુજરાત
ગુરુવાર | 28 મે 2026 | અમદાવાદ

### ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ દિગ્ગજ કેપ્ટન એમ.એસ. ધોની 278 મેચ સાથે ત્રીજા સ્થાને છે

# કોહલીએ IPLમાં રચ્યો નવો ઈતિહાસ, ધોની બાદ રોહિત શર્માનો તોડ્યો રેકોર્ડ

નવી દિલ્હી

આઈપીએલ-2026ની સીઝનમાં આજથી રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને ગુજરાત ટાઈટન્સ (GT) વચ્ચે હાઈ-વોલ્ટેજ પ્લેઓફ જંગની શરૂઆત થતાં જ કોહલીએ આઈપીએલના ઈતિહાસમાં નવો રેકોર્ડ નોંધાવ્યો છે. તેણે સૌથી વધુ મેચો રમવા માટે મહેન્દ્ર સિંહ ધોની બાદ હવે રોહિત શર્માનો પણ રેકોર્ડ તોડી નાખ્યો છે. મેદાનમાં ઉતરતા જ કોહલીએ રોહિતનો તોડ્યો રેકોર્ડ મેદાન પર ઉતરવાની સાથે જ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના સ્ટાર બેટર વિરાટ કોહલીએ આઈપીએલના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ મહારેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. વિરાટ કોહલી હવે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમનારો ખેલાડી બની ગયો છે. આ તેની 282મી આઈપીએલ મેચ છે. વર્ષ 2008 થી શરૂ થયેલી આ સફરમાં કોહલીએ 40.09 ની શાનદાર એવરેજથી રેકોર્ડબ્રેક 9261 રન ફટકાર્યા છે, જેમાં 9 સદીઓ પણ સામેલ છે. કોહલીએ મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્માને પાછળ છોડ્યો છે, જે 281 મેચો સાથે આ યાદીમાં બીજા ક્રમે છે. IPLમાં સૌથી મેચો રમનારા ટોપ-5 દિગ્ગજો વિરાટ કોહલી (RCB): 282 મેચ, 9261 રન રોહિત શર્મા (MI): 281 મેચ, 7329 રન એમ.એસ. ધોની (CSK): 278 મેચ, 5439 રન (વર્ષ 2025 સુધી) રવિન્દ્ર જાડેજા (CSK): 266 મેચ, 3469 રન અને 178 વિકેટ દિનેશ કાર્તિક (RCB): 257 મેચ, 4842 રન (વર્ષ 2024 સુધી) ધોની ત્રીજા સ્થાને આ યાદીમાં ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ દિગ્ગજ કેપ્ટન એમ.એસ. ધોની 278 મેચ સાથે ત્રીજા સ્થાને છે. ધર્મશાલામાં રમાઈ રહેલી આજની આ પ્લેઓફ મેચ માત્ર ટ્રોફીની રેસ માટે જ




નહીં, પરંતુ વિરાટ કોહલીના આ ઐતિહાસિક રેકોર્ડને કારણે પણ હંમેશા યાદ રાખવામાં આવશે.વિરાટ કોહલી હવે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમનારો ખેલાડી બની ગયો છે. આ તેની 282મી આઈપીએલ મેચ છે. વર્ષ 2008 થી શરૂ થયેલી આ સફરમાં કોહલીએ 40.09 ની શાનદાર એવરેજથી રેકોર્ડબ્રેક 9261 રન ફટકાર્યા છે, જેમાં 9 સદીઓ પણ સામેલ છે. કોહલીએ મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્માને પાછળ છોડ્યો છે, જે 281 મેચો સાથે આ યાદીમાં બીજા ક્રમે છે. આઈપીએલ-2026ની સીઝનમાં આજથી રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને ગુજરાત ટાઈટન્સ (GT) વચ્ચે હાઈ-વોલ્ટેજ પ્લેઓફ જંગની શરૂઆત થતાં જ કોહલીએ આઈપીએલના ઈતિહાસમાં નવો રેકોર્ડ નોંધાવ્યો છે.

## IPL-2026ની ફાઈનલમાં પહોંચી બેંગલુરુની ટીમ

મુંબઈ

આઈપીએલ-2026માં આજથી રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાયેલી પ્લેઓફની મેચમાં ગુજરાતની ટીમનો શરમજનક પરાજય થયો છે. બેંગલુરુની ટીમે 20 ઓવરમાં 5 વિકેટે 254 રન નોંધાવી ગુજરાતને જીતવા માટે 255 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જોકે ગુજરાતની ટીમ માત્ર 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. આજની મેચમાં બેંગલુરુના કેપ્ટન રજત પાટીદારે વિસ્ફોટ બેટિંગ કરીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડ્યું હતું, તો જેકોબ ડફ્ફી સહિતના બોલરોએ પણ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. રજત પાટીદારના 33 બોલમાં 93 રન બેંગલુરુ તરફથી કેપ્ટન રજત પાટીદારે વિસ્ફોટક બેટિંગ કરીને માત્ર 33 બોલમાં 5 ચોગ્ગા અને 9 છગ્ગાની મદદથી અણનમ 93 રનની તોફાની ઈનિંગ રમી હતી. ઓપનર વેંકટેશ અય્યરે આક્રમક શરૂઆત કરતા 7 બોલમાં 3 ચોગ્ગા અને 1 છગ્ગા સાથે 19 રન ફટકાર્યા હતા, જ્યારે વિરાટ કોહલીએ 25 બોલનો સામનો કરીને 5 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી 43 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. મિડલ ઓર્ડરમાં દેવદત્ત પડિક્કલે 19 બોલમાં 5 ચોગ્ગા સાથે 30 રન બનાવ્યા હતા. ત્યારબાદ કુણાલ પંડ્યાએ પણ શાનદાર બેટિંગ કરતા 28 બોલમાં 5 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકારીને 43 રન જોડ્યા હતા. નીચલા ક્રમે ટિમ ડેવિડ 5 બોલમાં 4 રન બનાવી આઉટ થયો હતો, જ્યારે જીતેશ શર્માએ અંતમાં ઝડપી બેટિંગ કરતા માત્ર 5 બોલમાં 1 ચોગ્ગા અને 1 છગ્ગા સાથે અણનમ 15 રન ઝૂડી કાઢ્યા હતા. ગુજરાત તરફથી તરફથી જેસન હોલ્ડરે 4 ઓવરમાં 39 રન આપીને 2 વિકેટો, જ્યારે કગિસો રબાડાએ 4 ઓવરમાં 54 રન આપી 2 વિકેટ મેળવી હતી. ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ 4 ઓવરમાં 53 રન આપીને 1 વિકેટ ઝડપી હતી. જ્યારે મોહમ્મદ સિરાજે 3 ઓવરમાં 46 રન, રાશિદ ખાને 3 ઓવરમાં 29 રન, કુલવંત ખેજરોલિયાએ 2 ઓવરના 31 રન આપ્યા.

### 5 ઓલિમ્પિક ગેમ્સમાં નિશાનબાજી કરી

## એશિયન ગેમ્સમાં ભારતના પ્રથમ ગોલ્ડ અપાવનાર રણધીર સિંહનું નિધન

મુંબઈ

એશિયન ગેમ્સમાં ભારતને શૂટિંગનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવનાર શૂટર રણધીર સિંહનું બુધવારે નિધન થયું. તેઓ 79 વર્ષના હતા અને લાંબા સમયથી ઉંમર સંબંધિત બીમારીઓથી પીડાઈ રહ્યા હતા. પૂર્વ નિશાનેબાજ રણધીરે તાજેતરમાં સ્વાસ્થ્ય કારણોસર ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા (OCA)ના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમની 2024માં 4 વર્ષના કાર્યકાળ માટે પસંદગી કરવામાં આવી હતી. રણધીરે 1978 બેંગકોક એશિયન ગેમ્સના ટ્રેપ શૂટિંગ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેમણે 5 ઓલિમ્પિક ગેમ્સ અને એક કોમનવેલ્થ ગેમ્સમાં ભારત તરફથી ભાગ લીધો હતો. તેમને



1979માં અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રણધીર પોતાના પાછળ પત્ની વિનીતા અને 3 દીકરીઓ (મહિમા, સુનૈના અને રાજેશ્વરી) છોડી ગયા છે. તેમની દીકરી રાજેશ્વરી ઈન્ટરનેશનલ લેવલ પર ટ્રેપ શૂટિંગ કરે છે. રાજેશ્વરીએ 2022 એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

## ગુજરાતની હાર બાદ રિપોર્ટર પર કેમ ભડક્યો ગ્લેન ફિલિપ્સ?

### ટીમની માનસિકતા પર અસર પડી હતી અને એટલે જ હાર થઈ?" આ સવાલ સાંભળતા જ ફિલિપ્સનો પારો ચડી ગયો

મુંબઈ

IPL 2026ના રોમાંચક ક્વોલિફાયર-1માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે ગુજરાત ટાઈટન્સ (GT)ને 92 રને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ હાર બાદ આયોજિત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગુજરાત ટાઈટન્સ તરફથી રમી રહેલા ન્યૂઝીલેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર ગ્લેન ફિલિપ્સ એક પત્રકારના સવાલ પર ખરાબ રીતે ગુસ્સે થઈ ગયા હતા. સવાલ સાંભળતા જ ફિલિપ્સે તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'આ શું બકવાસ સવાલ છે?' હાલ આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. રજત પાટીદારના તોફાની 93 રન, RCBનો હિમાલય જેવો સ્કોર ધર્મશાલાના રમણીય સ્ટેડિયમમાં રમાયેલી આ હાઈ-સ્ટેક મેચમાં ટોસ




હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી RCBની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 254 રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. ટીમ વતી રજત પાટીદારે માત્ર 33 બોલમાં અણનમ 93 રનની વિસ્ફોટક ઈનિંગ રમીને ગુજરાતના બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. પોતાની આ ઈનિંગ દરમિયાન પાટીદારે ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કર્યો હતો. આ ઉપરાંત વિરાટ કોહલી અને કૃણાલ પંડ્યાએ પણ ઉપયોગી યોગદાન આપીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી. 255 રનના કપરા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ગુજરાત ટાઈટન્સની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. ટીમે પાવરપ્લેથી જ નિયમિત અંતરે વિકેટો ગુમાવવાનું શરૂ કરી દીધું હતું. કેપ્ટન શુભમન ગિલ પણ આ મહત્ત્વની મેચમાં મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળ રહ્યો હતો. મધ્યમ ક્રમના બેટર્સ પણ ક્રીઝ પર ટકી શક્યા નહોતા, પરિણામે આખી ટીમ 20 ઓવરમાં માત્ર 162 રન જ બનાવી શકી અને ગુજરાતે 92 રનથી મેચ ગુમાવવી પડી હતી. સવાલ સાંભળીને કેમ ગુસ્સે થયા ગ્લેન ફિલિપ્સ? મેચ પૂરી થયા બાદ ગુજરાત ટાઈટન્સ વતી ગ્લેન ફિલિપ્સ મીડિયાને સંબોધવા આવ્યા હતા. આ દરમિયાન એક રિપોર્ટરે તેમને સવાલ પૂછ્યો કે, 'શું 250થી વધુ રનના ટાર્ગેટના દબાણને કારણે ટીમની માનસિકતા પર અસર પડી હતી અને એટલે જ હાર થઈ?' આ સવાલ સાંભળતા જ ફિલિપ્સનો પારો ચડી ગયો હતો. રિપોર્ટરને રોકતા ગ્લેન ફિલિપ્સે રોષે ભરાઈને કહ્યું, "આ બહુ ખરાબ અને બકવાસ સવાલ છે. કોઈ પણ એવું વિચારીને નથી જતું કે 'તમને ખબર છે કે અમે પહેલેથી જ હાર માની લીધી છે?' અમે પ્રોફેશનલ ક્રિકેટર્સ છીએ. જો અમે દબાણથી આટલા ડરી જતા હોત, તો ક્યારેય આ સ્તર સુધી પહોંચી જ ન શક્યા હોત.



### AI અને ચિપ સેક્ટરમાં તેજીથી માર્કેટ કેપ ₹415 લાખ કરોડને પાર

# ભારતીય શેરબજારને તાઈવાને પાછળ છોડ્યું

મુંબઈ

તાઈવાને શેરબજારના મૂલ્ય (માર્કેટ કેપ)ના મામલે ભારતને પાછળ છોડી દીધું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના યુગમાં વિશ્વની સૌથી મોટી ચિપમેકર કંપની 'તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની' (TSMC)ના શેરોમાં આવેલી ભારે તેજીએ તાઈવાનને આ લીડ અપાવી છે. બ્લૂમબર્ગ અનુસાર, સોમવાર સુધીમાં તાઈવાનનું માર્કેટ કેપ 4.95 ટ્રિલિયન ડોલર (લગભગ 415 લાખ કરોડ રૂપિયા) પર પહોંચી ગયું, જ્યારે ભારતનું મૂલ્ય ઘટીને 4.92 ટ્રિલિયન ડોલર (લગભગ 413 લાખ કરોડ રૂપિયા) થઈ ગયું છે. હવે વિશ્વના ટોપ-5 શેરબજારોમાં અમેરિકા, ચીન, જાપાન અને હોંગકોંગ પછી તાઈવાનનું નામ સામેલ થઈ ગયું છે. તાઈવાનની જીત




પાછળ ચિપ કંપનીનો હાથ તાઈવાનના શેરબજારની આ છલાંગનું સૌથી મોટું કારણ TSMC કંપની છે. તાઈવાનના મુખ્ય ઈન્ડેક્સમાં આ એકલી કંપનીનો 42% હિસ્સો છે. આ વર્ષે અત્યાર સુધી કંપનીના શેરોમાં 49% નો વધારો નોંધાયો છે. આખી દુનિયામાં AI ટેક્નોલોજી માટે ઉપયોગમાં લેવાતા સેમિકન્ડક્ટર્સ (ચિપ્સ) ના સપ્લાયમાં આ કંપનીનો દબદબો છે, જેનો ફાયદો તાઈવાનના બજારને મળી રહ્યો છે. તાજેતરમાં તાઈવાનના રેગ્યુલેટરે રોકાણના નિયમોમાં છૂટછાટ આપી છે. હવે સ્થાનિક ફંડ કોઈ એક મોટી કંપનીમાં પોતાની નેટ એસેટના 25% સુધી રોકાણ કરી શકે છે, પહેલા આ મર્યાદા માત્ર 10% હતી. હાલમાં માત્ર TSMC જ આ માપદંડને પૂર્ણ કરે છે. જેપી મોર્ગન અનુસાર, આ બદલાવથી તાઈવાનના બજારમાં 6 અબજ ડોલર (લગભગ 50 હજાર કરોડ રૂપિયા) નું વધારાનું રોકાણ આવી શકે છે. વિદેશી રોકાણકારોએ ભારતમાંથી 2 લાખ કરોડ પાછા ખેંચ્યા ભારતીય શેરબજાર માટે આ વર્ષ પડકારજનક રહ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી આશરે 24 અબજ ડોલર (આશરે 2 લાખ કરોડ) પાછા ખેંચ્યા છે. તેનું મુખ્ય કારણ ભારતીય શેરોનું ઊંચું વેલ્યુએશન અને રૂપિયાની નબળાઈ રહ્યું છે.

### કંપનીએ ઇનપુટ કોસ્ટ વધવાને કારણે લીધો નિર્ણય

## હ્યુન્ડાઈની કારો ₹12,800 સુધી મોંઘી થશે: નવા ભાવ 1 જૂન 2026થી લાગુ થશે

મુંબઈ

હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાની કાર 1 જૂન 2026થી મોંઘી થવા જઈ રહી છે. કંપનીએ પોતાની કારની કિંમતોમાં 12,800 રૂપિયા સુધીનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. નવી કિંમતો અલગ-અલગ મોડેલ અને વેરિઅન્ટના આધારે નક્કી કરવામાં આવશે. આ પહેલા કંપનીએ 8 એપ્રિલ 2026ના રોજ કિંમતો વધારવા અંગે એક પત્ર જાહેર કર્યો હતો, પરંતુ હવે વર્તમાન બજારની સ્થિતિને જોતા તેને 1 જૂનથી લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કંપનીએ આ પગલું બજારની વર્તમાન પરિસ્થિતિઓ અને ગ્રાહકોના હિતો વચ્ચે સંતુલિત તાલમેલ બનાવવાના ઉદ્દેશ્યથી ઉઠાવ્યું છે. હ્યુન્ડાઈએ પોતાની કારની કિંમતો વધારવા પાછળ મુખ્યત્વે ત્રણ મોટા કારણો જણાવ્યા છે. કંપનીના મતે, બિઝનેસ ઓપરેશનમાં આવી રહેલા ફેરફારોને કારણે આ નિર્ણય જરૂરી બની ગયો હતો ઈનપુટ કોસ્ટમાં વધારો: ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ



સાથે સંકળાયેલી ઈનપુટ કોસ્ટ (ખર્ચ)માં સતત વધારો થઈ રહ્યો છે. કોમોડિટીની કિંમતોમાં ઉછાળો: કાર બનાવવા માટે ઉપયોગમાં લેવાતી આવશ્યક કોમોડિટી વસ્તુઓની કિંમતો ઘણી વધી ગઈ છે. ઓપરેશનલ ખર્ચ: કંપની ચલાવવા અને કારના ઉત્પાદન સાથે સંકળાયેલા ઓપરેશનલ ખર્ચમાં વધારો થયો છે. આ તમામ કારણોસર કંપની પર નાણાકીય દબાણ વધ્યું છે. કંપનીનો ભવિષ્યનો પ્લાન શું છે? કંપનીએ જણાવ્યું કે તે સતત તેના ખર્ચને નિયંત્રિત અને સુધારવાનો પ્રયાસ કરે છે. હ્યુન્ડાઈનો ઉદ્દેશ્ય હંમેશા એ જ રહે છે કે વધતા ખર્ચની અસર તેના ગ્રાહકો પર ઓછામાં ઓછી પડે. તેમ છતાં, વર્તમાન પરિસ્થિતિઓમાં કંપની પાસે વધતા ખર્ચનો અમુક હિસ્સો બજારમાં ટ્રાન્સફર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો ન હતો. ઈનપુટ કોસ્ટ: કોઈપણ પ્રોડક્ટ (જેમ કે કાર) બનાવવા માટે ઉપયોગમાં લેવાતા કાચા માલ, લેબર અને અન્ય પ્રારંભિક વસ્તુઓ પર આવતા કુલ ખર્ચને ઈનપુટ કોસ્ટ કહેવાય છે. જ્યારે લોખંડ, સ્ટીલ કે પ્લાસ્ટિક મોંઘા થાય છે, ત્યારે ઈનપુટ કોસ્ટ વધી જાય છે. ઓપરેશનલ ખર્ચ: કંપનીને ચલાવવા, ફેક્ટરીઓની જાળવણી, વીજળી, ટ્રાન્સપોર્ટેશન અને બિઝનેસના એડમિનિસ્ટ્રેશનમાં થતા ખર્ચાઓને ઓપરેશનલ એક્સપેન્સિસ અથવા ઓપરેટિંગ કોસ્ટ કહેવામાં આવે છે.


### સોના-ચાંદીમાં નવેસરથી ઘટાડો

# ક્રૂડમા આંચકા પચાવી ભાવ 100 ડોલર પાર

### ઈરાન તથા અમેરિકા વચ્ચે ફરી તણાવ વધતા બીજી તરફઈઝરાયેલ તથા લેબેનોન વચ્ચે પણ ઘર્ષણ વધતાં બજારોમાં અજંપો: ચાંદીમાં અશુદ્ધ માલોની સપ્લાય વધતાં ચિંતાનો માહોલ

મુંબઈ

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચંદીના ભાવમાં ઉછાળા ઉભરા જેવા નિવડતાં ભાવ ફરી તૂટયા હતા. વિશ્વ બજારના સમાચાર કિંમતી ધાતુઓમાં ઉછાળે ફંડોની વેચવાલી બતાવી રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. જોકે મુંબઈ કરન્સી બજારમાં આજે ડોલર સામે રૂપિયો વધતો અટકી ફરી ઘટાડા પર રહેતાં ઝવનેરી બજારોમં કિંમતી ધાકુઓમાં ભાવ ઘટાડો તેટલા પ્રમાણમાં સિમિત રહ્યો હોવાનું જાણકારોએ જણાવ્યું હતું. દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ ઘટયા હતા જ્યારે ચાંદીના ભાવ કિલોના રૂ.૫૦૦૦ તૂટયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૫૬૬થી ૪૫૬૭ વાળા ઘટી નીચામાં ભાવ ૪૫૦૦ થઈ ૪૫૨૦થી ૪૫૨૧ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વિશ્વ બજારમાં સોના પાછળ આજે ચાંદીના ભાવ ઔંસના ૭૭.૮૮થી ૭૭.૮૯ વાળા ઘટી નીચામાં ભાવ ૭૫.૪૯ થઈ ૭૬.૨૨ થી ૭૬.૨૩ ડોલર રહ્યા હતા. દરમિયાન, ઈરાન-અમેરિકા વચ્ચે ફરી તણાવ વધતાં વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ આંચકા પચાવી આજે ફરી વધી આવ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૩ ટકા વધી ઉંચામાં ભાવ ૧૦૦.૧૨ થઈ ૯૯.૨૨ ડોલર રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ સોનાના ભાવ આજે ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૬૨૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૬૨૫૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ ઘટી રૂ.૨૬૦૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ રૂ.૧૨૦૦ ઘટી જીએસટી વગર ભાવ ૯૯૫ના રૂ.૧૫૬૯૮૦ તથા ૯૯૯ના રૂ.૧૫૭૬૧૧ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ રૂ.૫૦૦૦ ઘટી જીએસટી વગર ભાવ રૂ.૨૬૬૨૧૩ રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૪૦૦થી ૫૦૦ ઘટી રૂ.૬૬૪૯૯ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૯૬૨થી ૧૯૬૩ વ ાળા નીચામાં ભાવ ૧૯૩૯ થઈ ૧૯૪૫થી ૧૯૪૬ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ નીચામાં ૧૩૭૨ થઈ ૧૩૮૮થી ૧૩૮૯ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવમાં ધીમી પીછેહટ દેખાઈ હતી. ભારતમાં તાજેતરમાં ચાંદીના ભાવ વધી જતાં તથા ઈમ્પોર્ટ ડયુટી વધવા ઉપરાંત ચાંદીની આયાત પર અંકુશો પણ લાદવામાં આવતાં હવે બજારોમાં નબળી ગુણવત્તાવાળી અશુદ્ધ ચાંદીના કોઈન્સ તથા બાર્સની સપ્લાય વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ રહી હતી. આ પ્રશ્ને ફરજીયાત હોલમાર્કિંગ તથા સિલ્વર રિફાઈનિંગ ક્ષેત્રે ફરજીયાત લાઈન્સસીંગ માટે સરકારે સક્રિયતા વધારવી જરૂરી હોવાનું જાણકારો જણાવતા હતા. જોકે મુંબઈ કરન્સી બજારમાં આજે ડોલર સામે રૂપિયો વધતો અટકી ફરી ઘટાડા પર રહેતાં ઝવનેરી બજારોમં કિંમતી ધાકુઓમાં ભાવ ઘટાડો તેટલા પ્રમાણમાં સિમિત રહ્યો હોવાનું જાણકારોએ જણાવ્યું હતું.




## શેરબજારમાં ઘટાડો, સેન્સેક્સ 75,913 અંકે બંધ

- નિફ્ટી પણ 7 અંક ઘટ્યો, ફાઈનાન્સિયલ અને પ્રાઈવેટ બેંકોના શેરમાં વેચવાલી રહી

મુંબઈ

બુધવારે ભારતીય શેરબજારમાં ટ્રેડિંગ દરમિયાન અસ્થિરતા જોવા મળી હતી. રોકાણકારો અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી અનિશ્ચિત પરિસ્થિતિ તેમજ સંભવિત સોદાની શક્યતા અંગે સાવધ દેખાયા હતા.

પરિણામે, બજારમાં મિશ્ર ભાવનાનો અનુભવ થયો, જે મજબૂતાઈ અને નબળાઈના સમયગાળા વચ્ચે વધઘટ કરી રહી હતી.

શેરબજાર લાલ નિશાને બંધ

લગભગ 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં જ બંધ થયા. સેન્સેક્સ 96.61 પોઈન્ટના ઘટાડા સાથે 75,913.09 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 6.55 પોઈન્ટના ઘટાડા સાથે 23,907.15 અંકે બંધ થયો.

નિફ્ટીના ટોચના નુકસાનકર્તા

નિફ્ટી 50 બાસ્કેટમાં, ONGC, કોલ ઈન્ડિયા, HDFC બેંક અને HDFC લાઈફ ઈન્શ્યોરન્સ જેવા શેરોએ સૌથી વધુ દબાણનો સામનો કરવો પડ્યો, જે ટોચના નુકસાનકર્તાઓની યાદીમાં મુખ્ય હતા.

મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટમાં સામાન્ય વધારો

વ્યાપક બજારમાં, નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં 0.39 ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સમાં 0.07 ટકાનો નજીવો વધારો થયો હતો.

ક્ષેત્રોમાં મિશ્ર પ્રદર્શન

ક્ષેત્રીય કામગીરી મિશ્ર રહી. નિફ્ટી મેટલ અને નિફ્ટી રિયલ્ટી સૂચકાંકોએ સારો દેખાવ કર્યો, સત્રનો અંત સકારાત્મક ક્ષેત્રમાં થયો. તેનાથી વિપરીત, નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ અને નિફ્ટી પ્રાઈવેટ બેંક સૂચકાંકો દબાણ હેઠળ દેખાયા.

### અમદાવાદ સિવિલ ન્યૂ મેન્ટલ કેમ્પસમાં

# રૂપિયા 105 કરોડના ખર્ચે બનશે અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી હોસ્ટેલ અને કેન્ટીન બ્લોક



■ વિમાન દુર્ઘટનાના વળતર પેટે ટાટા એરલાઈન્સ આરોગ્ય વિભાગને રૂ. 53.12 કરોડ ચૂકવશે

અમદાવાદ

અમદાવાદના અસારવા સિવિલ હોસ્પિટલ નજીક આવેલા ન્યૂ મેન્ટલ કેમ્પસના આધુનિકીકરણ માટે રાજ્ય સરકારે એક મોટો નિર્ણય લીધો છે. કેમ્પસમાં રૂ. ૧૦૫ કરોડના ખર્ચે અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી હોસ્ટેલ, કેન્ટીન બ્લોક અને નવા સબ-સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. આરોગ્ય ક્ષેત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત કરવા માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધતા સાથે આગળ વધી રહી છે.

અગાઉ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં સિવિલ હોસ્પિટલ નજીક આવેલા ન્યૂ મેન્ટલ કેમ્પસના 'અતુલ્યમ ૧ થી ૪ બ્લોક'ને મોટું નુકસાન થયું હતું.

આ નુકસાનીના પેટે આરોગ્ય વિભાગ દ્વારા ટાટા એરલાઈન્સ પાસે રૂ. ૫૩.૧૨ કરોડની માંગણી કરવામાં આવી હતી.




ટાટા એરલાઈન્સે આ મામલે સકારાત્મક અભિગમ દાખવ્યો છે અને આ પૂરેપૂરી રકમ આગામી સમયમાં આરોગ્ય વિભાગને ચૂકવી દેવાની ખાતરી આપી છે.

૨૩૬ સુપર સ્પેશિયાલિટી મેરીડ પી.જી. ડોક્ટર્સ માટે રહેવાની સુવિધા

મેડિકલ ક્ષેત્રે સુપર સ્પેશિયાલિટીની નવીન ૪૮ બેઠકોનો વધારો થયો છે. તેને ધ્યાનમાં રાખીને આગામી આયોજન ઘડવામાં આવ્યું છે: આગામી ત્રણ વર્ષના કુલ ૧૪૪ વિદ્યાર્થીઓ સહિત કુલ ૨૩૬ સુપર સ્પેશિયાલિટી મેરીડ પી.જી. ડોક્ટર્સ રહી શકે તેવું ભવ્ય હોસ્ટેલ બિલ્ડિંગ તૈયાર થશે.

સ્થળ: ન્યૂ મેન્ટલ કેમ્પસ - આઈ.જી. પી. કમ્પાઉન્ડ, મેઘાણીનગર ખાતે આ નવીન હોસ્ટેલ બ્લોક, આધુનિક કેન્ટીન બ્લોક અને નવું પાવર સબ-સ્ટેશન બનશે.

આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારે પૂરતી જગ્યા ફાળવી દીધી છે. કામગીરીને ઝડપી બનાવવા માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં અંદાજિત રકમ રૂ. ૫૧.૪ કરોડની સામે રૂ. ૩૪.૬૫ કરોડની બજેટ જોગવાઈ મંજૂર પણ કરી દેવામાં આવી છે.

આ પ્રોજેક્ટ આગામી સમયમાં મેડિકલના વિદ્યાર્થીઓ અને ડૉક્ટર્સ માટે આશીર્વાદરૂપ સાબિત થશે, તેમજ અમદાવાદ સિવિલની આરોગ્ય સેવાઓની ક્ષમતામાં પણ મોટો વધારો કરશે.

### કાયદાના રક્ષક જ બન્યા ભક્ષક

# અમદાવાદમાં જમીન વિવાદમાં નિવૃત્ત DySPએ કર્યું બેફામ ફાયરિંગ!

અમદાવાદ

અમદાવાદ શહેરમાંથી ફરી એકવાર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી સળગતી ઘટના સામે આવી છે. જ્યાં સામાન્ય જનતાને કાયદાનું ભાન કરાવતા નિવૃત્ત પોલીસ અધિકારીએ પોતે જ કાયદો હાથમાં લીધો છે. અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં કરોડોની કિંમતની જમીનના વિવાદમાં એક નિવૃત્ત DySP (ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ) દ્વારા જાહેરમાં બેફામ ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની સનસનાટીભરી ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

શું છે સમગ્ર ઘટના?

મળતી માહિતી મુજબ, અમદાવાદ નજીક આવેલી કરોડો રૂપિયાની કિંમતી જમીનની માલિકી અને કબજાને લઈને નિવૃત્ત DySP અને અન્ય એક પક્ષ વચ્ચે લાંબા સમયથી ગજગ્રાહ ચાલી રહ્યો હતો. આ વિવાદે ગઈકાલે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. બંને પક્ષો સામસામે આવી જતાં મામલો બિચક્યો હતો અને ભારે બોલાચાલી થઈ હતી.




ઉશ્કેરાટમાં આવીને નિવૃત્ત DySPએ પોતાની લાયસન્સ વાળી રિવોલ્વર કાઢીને હવામાં અને સામેના પક્ષ તરફ ધડાધડ રાઉન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ફાયરિંગના અવાજથી આજુબાજુનો વિસ્તાર ધણધણી ઊઠ્યો હતો અને લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

ઘટનાના મુખ્ય અંશો:

મુખ્ય આરોપી: નિવૃત્ત DySP (પોલીસ વિભાગના પૂર્વ ઉચ્ચ અધિકારી)

વિવાદનું કારણ: કરોડોની કિંમતની જમીનનો જૂનો વિવાદ.

હથિયાર: પોતાની લાયસન્સ ધરાવતી સત્તાવાર રિવોલ્વર.

અસર: સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ વિસ્તારમાં ભારે દહેશતનો માહોલ.

'કાયદો બધા માટે સમાન, કડક કાર્યવાહી થશે' - પોલીસ પ્રશાસન

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે નિવૃત્ત DySP વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉચ્ચ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, આરોપી ભલે ગમે તેટલા મોટા હોદ્દા પરથી નિવૃત્ત થયા હોય, કાયદો પોતાનું કામ કરશે અને તેમની સામે આકરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### IGના ઘર પાસે હાઈવોલ્ટેજ ડ્રામા

# દબાણ હટાવવા મુદ્દે AAP મહિલા નેતા અને પોલીસ સામસામે આવ્યા

અમદાવાદ

શહેરમાં શાસકો અને વહીવટી તંત્ર દ્વારા ચાલી રહેલી દબાણ હટાવો ઝુંબેશ વચ્ચે ગઈકાલે એક હાઈવોલ્ટેજ રાજકીય અને કાનૂની ડ્રામા જોવા મળ્યો હતો. એક તરફ તંત્ર ગરીબોના દબાણો પર બુલડોઝર ફેરવી રહ્યું છે, ત્યારે બીજી તરફ ઉચ્ચ પોલીસ અધિકારી (IG)ના ઘર પાસે થયેલા દબાણને લઈને મોટો વિવાદ છેડાયો છે.

આ મુદ્દે આમ આદમી પાર્ટી (AAP)ના મહિલા નેતા અને પોલીસ પ્રશાસન વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણ થતાં મામલો ગરમાયો હતો. મહિલા નેતાએ આક્ષેપ કર્યો હતો કે, 'તંત્ર સામાન્ય જનતાના લારી-ગલ્લા તોડી પાડે છે, પણ મોટા સાહેબોના ઘર પાસેના ગેરકાયદેસર દબાણો સામે આંખ આડા કાન કેમ કરે છે?'

મળતી માહિતી મુજબ, વીઆઈપી વિસ્તારમાં આવેલા પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ (IG)ના નિવાસસ્થાનની આસપાસ સુરક્ષા અથવા અન્ય કારણોસર રોડ પર કેટલાક દબાણો કરવામાં આવ્યા હતા.

આ મામલે આમ આદમી પાર્ટીના મહિલા વિંગના નેતા પોતાના કાર્યકરો સાથે ત્યાં પહોંચ્યા હતા અને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે કોર્પોરેશન અને પોલીસ માત્ર ગરીબ પ્રજાને જ હેરાન કરે છે, કાયદો આ મોટા અધિકારીઓ માટે કેમ બદલાઈ જાય છે?

વિરોધ પ્રદર્શન ઉગ્ર બનતા જ ઘટનાસ્થળે પોલીસનો મોટો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો. જ્યારે પોલીસે મહિલા નેતાને ત્યાંથી હટવાનો આદેશ આપ્યો, ત્યારે બંને પક્ષો વચ્ચે ઉગ્ર ઘર્ષણ શરૂ થઈ ગયું હતું.

મહિલા નેતા અને પોલીસ અધિકારીઓ વચ્ચે તીખી તકરારના દ્રશ્યો સર્જાયા હતા. 'આપ'ના નેતાએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, 'જ્યાં સુધી IGના ઘર પાસેનું ગેરકાયદેસર દબાણ નહીં હટે, ત્યાં સુધી અમે અહીંથી હટીશું નહીં.' મામલો વધારે બિચકતાં પોલીસે બળપ્રયોગ કરીને મહિલા નેતા અને અન્ય કાર્યકરોની અટકાયત કરી હતી.

# અદાણી CNGના ભાવમાં પ્રતિ કિલો 2 રૂપિયાનો વધારો : નવો ભાવ 88ને પાર

## છેલ્લા બે મહિનામાં 6 રૂપિયા વધી જતા રિક્ષાચાલકોની ચક્કાજામની ચીમકી

અમદાવાદ

પેટ્રોલ-ડીઝલ બાદ હવે CNGએ પણ લોકોની મુશ્કેલી વધારી દીધી છે. અમદાવાદમાં અદાણી ગેસ દ્વારા ફરી એક વખત CNGના ભાવમાં 2 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા બે મહિનામાં અંદાજે 6 રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. અમદાવાદમાં અદાણી CNGના ભાવ 86.02 રૂપિયાથી હવે 88.02 રૂપિયા પહોંચી ગયા છે. વધતા જતા CNGમાં ભાવ વધારાની સૌથી વધુ અસર રિક્ષાચાલકો પર જોવા મળી રહી છે. કારણ કે રિક્ષા ચાલકોએ છેલ્લા ત્રણ વર્ષથી ભાડામાં વધારો કર્યો નથી જ્યારે બીજી તરફ CNG ના ભાવમાં સતત વધારો થતા હવે રિક્ષાચાલકો આંદોલનની ચીમકી ઉચ્ચારી રહ્યા છે.



અમદાવાદ સહિત ગુજરાતના અનેક શહેરોમાં ફરી એક વખત CNGના ભાવમાં વધારો થયો છે. CNGના ભાવમાં સતત વધારો થતા વાહનચાલકોની સાથે ખાસ કરીને રિક્ષાચાલકોની ચિંતા વધી ગઈ છે. અદાણી ગેસ કંપની દ્વારા CNGના ભાવમાં પ્રતિ કિલો 2 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ મુજબ અમદાવાદમાં CNG હવે 86.02થી વધીને 88.02 પ્રતિ કિલો થઈ ગયું છે. છેલ્લા બે મહિનાની અંદર અંદાજે 6 જેટલો વધારો થતા વાહનચાલકોના માસિક ખર્ચમાં સીધી અસર જોવા મળી રહી છે.

એક તરફ પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે ત્યારે હવે CNG પણ મોંઘું બનતા મધ્યમવર્ગ અને રોજબરોજ વાહન ચલાવતા લોકો માટે ખર્ચનો બોજ વધ્યો છે. ખાસ કરીને રોજના 8થી 10 કલાક રસ્તા પર રહેતા રિક્ષાચાલકો માટે હાલની સ્થિતિ વધુ મુશ્કેલ બની રહી છે. કારણ કે CNGના સતત વધતા ભાવ સામે સૌથી વધુ અસર ઓટોરિક્ષા ક્ષેત્ર પર જોવા મળી રહી છે. અમદાવાદમાં હજારો રિક્ષાચાલકો રોજિંદી આવક પર નિર્ભર છે.

# ઇસ્કોન બ્રિજ અકસ્માત કેસ: સુપ્રીમ કોર્ટે આરોપી તથ્ય પટેલના જામીન કર્યા મંજૂર

■ 9 નિર્દોષ લોકોનો ભોગ લેનારા ચકચારી આરોપીને HC બાદ SCમાંથી મળી મોટી રાહત

અમદાવાદ

અમદાવાદના ચકચારી અને કાળજું કંપાવી દેનારા ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસના મુખ્ય આરોપી તથ્ય પટેલને લઈને એક સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી જેલના સળિયા પાછળ બંધ તથ્ય પટેલના જામીન સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. અગાઉ ગુજરાત હાઈકોર્ટે તથ્ય પટેલની જામીન અરજી ફગાવી દીધી હતી, જેની સામે આરોપી પક્ષે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા, જ્યાંથી આજે તેને મોટી રાહત મળી છે.

જુલાઈ ૨૦૨૩માં અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર મોડી રાત્રે થાર ગાડીના અકસ્માતને જોવા ઊભેલા નિર્દોષ લોકોના ટોળા પર તથ્ય પટેલે પૂરપાટ ઝડપે જેગુઆર કાર ચઢાવી દીધી હતી. આ ભયાનક હિટ એન્ડ રન ઘટનામાં પોલીસકર્મીઓ સહિત ૯ જેટલા નિર્દોષ યુવાનોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. આ ઘટનાને પગલે સમગ્ર ગુજરાતમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો અને પોલીસે તથ્ય પટેલ વિરુદ્ધ કડક કલમો હેઠળ ગુનો નોંધી ગણતરીના દિવસોમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન બન્ને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, કોર્ટે કેસની વર્તમાન સ્થિતિ અને ટ્રાયલના સમયગાળાને ધ્યાનમાં રાખીને તથ્ય પટેલના જામીન મંજૂર કર્યા છે. જોકે, કોર્ટે જામીન આપતી વખતે કેટલીક કડક શરતો પણ લાગુ



કરી હોવાનું જાણવા મળી રહ્યું છે, જેથી તે તપાસ કે પુરાવા સાથે કોઈ છેડછાડ ન કરી શકે.

બીજી તરફ, સુપ્રીમ કોર્ટ દ્વારા તથ્ય પટેલના જામીન મંજૂર કરાતા અકસ્માતમાં જીવ ગુમાવનારા મૃતકોના પરિવારો અને સોશિયલ મીડિયા પર લોકોમાં મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. આ હાઈપ્રોફાઈલ કેસ પર સમગ્ર રાજ્યની નજર ટકેલી છે, ત્યારે હવે જામીન મળ્યા બાદ આગળની કાનૂની પ્રક્રિયા કઈ દિશામાં જાય છે તે જોવું રહ્યું.

### અમદાવાદને મળ્યા 'કુબેર' જેવા માલદાર મેયર

# 88 જગ્યાએ જમીન અને 110 કરોડની સંપત્તિના માલિક!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના નવા પદાધિકારીઓની વરણી સાથે જ સત્તાના ગલિયારાઓમાં ભારે ગરમાવો આવી ગયો છે. આ વખતે અમદાવાદને એવા મેયર મળ્યા છે જેમની સંપત્તિના આંકડા સાંભળીને ભલભલાની આંખો પહોળી થઈ જાય તેમ છે. નવા મેયર માત્ર રાજકીય રીતે જ નહીં, પણ આર્થિક રીતે પણ સુપર પાવરફુલ છે. તેમની પાસે ૧૧૦ કરોડ રૂપિયા કરતાં વધુની અઢળક સંપત્તિ હોવાનું સામે આવ્યું છે, જેના કારણે તેઓ અત્યાર સુધીના સૌથી ધનાઢ્ય મેયરોની યાદીમાં મોખરે આવી ગયા છે. જમીનનો મોટો કારોબાર: નવા મેયર સાહેબ માત્ર શહેરમાં જ નહીં, પણ અલગ-અલગ ૮૮ જેટલી જગ્યાઓ પર કિંમતી જમીનો અને પ્રોપર્ટી ધરાવે છે. સોના અને ગાડીના શોખીન: તેમની પાસે અંદાજે ૫૭ તોલા જેટલું કિંમતી સોનું છે. આ સિવાય યુવાનોની



પહેલી પસંદ ગણાતી દમદાર 'મહિન્દ્રા થાર' ગાડી પણ તેમના કાફલાની શાન વધારે છે.

સુરક્ષા માટે રિવોલ્વર: પોતાના ખાનગી હથિયારોમાં તેઓ એક અત્યાધુનિક રિવોલ્વર પણ ધરાવે છે.

પસંદગી પાછળની 'ઈન્સાઈડ સ્ટોરી': વગ અને વફાદારીનો ખેલાયો ખેલ

આ આખી વરણી પાછળ ભાજપના મોવડીમંડળની એક ચોક્કસ અને દમદાર સ્ટ્રેટેજી હોવાનું સામે આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મ્યુનિસિપલ કોર્પોરેશનના ટોચના હોદ્દાઓ માટે પડદા પાછળ ભારે ખેંચતાણ ચાલી રહી હતી. ઘણા સિનિયર કોર્પોરેટરો લાઈનમાં હતા, પરંતુ પક્ષે આર્થિક રીતે સક્ષમ, જ્ઞાતિનું સમીકરણ સેટ કરી શકે તેવા અને સંગઠન પ્રત્યે વફાદાર ચહેરા પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. આ પસંદગી પાછળ દિલ્હી અને ગાંધીનગર સુધીના કનેક્શનોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આગામી સમયમાં આવી રહેલી મોટી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પક્ષમાં કોઈ આંતરિક વિખવાદ ન થાય અને શહેરનો વિકાસ પણ બુલેટ ગતિએ ચાલે, તેવા તમામ સમીકરણો ગોઠવીને આ આખું માળખું જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદના આ 'માલદાર' મેયર આગામી દિવસોમાં શહેરના વિકાસને કેટલો વેગ આપે છે, તેના પર હવે આખા ગુજરાતની નજર રહેશે.

### પુંજાવાલાની ચાલીના રહીશોએ રસ્તા રોકી તંત્રના પાણિયારા ખાલી કર્યા!

# ખોખરામાં જનતાનો 'પાણીપોકાર...!'

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સ્માર્ટ સિટીના ગમે તેટલા મસમોટા દાવા કરે, પણ પૂર્વ અમદાવાદની વાસ્તવિકતા આજે પણ નરક જેવી જ છે! ખોખરા વિસ્તારમાં આવેલી પુંજાવાલાની ચાલીમાં પીવાના પાણીની ભયંકર અછતથી કંટાળી ગયેલી જનતાનો આક્રોશ ગઈકાલે રસ્તા પર ફાટી નીકળ્યો હતો.

મહિનાઓથી તંત્ર સમક્ષ હાથ જોડીને થાકેલા સ્થાનિકોએ આખરે 'ચોર તંત્ર'ને જગાડવા માટે રસ્તા બ્લોક કરી દીધા હતા. રોષે ભરાયેલી મહિલાઓએ ખાલી માટલા રોડ પર પછાડીને શાસકો અને અધિકારીઓના કાનના પડદા ફાડી નાખે તેવો આક્રોશ ઠાલવ્યો હતો.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, પુંજાવાલાની ચાલીમાં છેલ્લા ઘણા સમયથી પીવાનું પાણી કાં તો આવતું જ નથી, અને જો આવે છે તો ગંદું અને ગટરના મિશ્રણવાળું કેમિકલયુક્ત પાણી આવે છે. ભરઉનાળે એક-એક ટીપા પાણી માટે મહિલાઓને રઝળપાટ કરવો પડે છે. વારંવાર રજૂઆતો કરવા છતાં એન્જિનિયરો અને સ્થાનિક કોર્પોરેટરો એસી ચેમ્બરોમાંથી બહાર નીકળવાનું નામ નથી લેતા. જનતાનો આક્રોશ છે કે, 'વેરો લેવામાં સ્માર્ટ બનતું તંત્ર, પાણી આપવામાં કેમ પાંગળું સાબિત થઈ રહ્યું છે?' ગઈકાલે સવારથી જ પાણી ન આવતા પુંજાવાલાની ચાલીની સેંકડો મહિલાઓ, પુરુષો અને બાળકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

તેમણે મુખ્ય માર્ગ પર માનવ સાંકળ બનાવીને વાહનોની અવરજવર સંપૂર્ણ બંધ કરી દીધી હતી. જોતજોતામાં વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. મામલો બિચકતાં જ સ્થાનિક પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. જોકે, રોષે ભરાયેલી મહિલાઓએ પોલીસને પણ પરખાવી દીધું હતું કે, 'જ્યાં સુધી કાયમી પાણી નહીં મળે, ત્યાં સુધી રસ્તો ખાલી નહીં થાય!'

આક્રોશના મુખ્ય મુદ્દા: ઘટનાસ્થળ: ખોખરા, પુંજાવાલાની ચાલી, અમદાવાદ, લોકોનો રોષ: પીવાના શુદ્ધ પાણીની ભયંકર અછત અને તંત્રની લાપરવાહી. આક્રમક વિરોધ: રસ્તાઓ બ્લોક કર્યા, ખાલી માટલા ફોડીને AMC સામે સૂત્રોચ્ચાર કર્યા. તંત્રનું પાપ: સ્માર્ટ સિટીના નામે પૂર્વ અમદાવાદની પ્રજા સાથે ઓરમાયું વર્તન.

ચૂંટણીઓ આવે ત્યારે હાથ જોડીને મતોની ભીખ માંગવા આવતા નેતાઓ આજે જનતા જ્યારે તરસથી વ્યાકુળ છે ત્યારે ક્યાં મોઢું છુપાવીને બેઠા છે? ખોખરાની જનતા ટેક્સ ભરે છે તો એમને હકનું પાણી કેમ નથી મળતું? જો આ વિસ્તારમાં પાણીની સમસ્યા વહેલી તકે ઉકેલવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બનશે અને જનતા સીધા મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીએ જઈને અધિકારીઓનો ઘેરાવો કરશે તેવી ચીમકી આપવામાં આવી છે.




આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI